# બાળ સાહિત્યકાર ઉમિયાશંકર ઠાકર લિખિત શિષ્યોની ગૌરવવંતિ ગાથાઓ

સંપાદક

જગદીશ ઉ. ઠાકર

**પ્રકાશક**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧

**ઉમિયાશંકર ઠાકર લિખિત**

**શિષ્યોની ગૌરવવંતિ ગાથાઓ**

(C) જયશ્રી જ. ઠાકર

પ્રથમ આવૃતિ : ૨૦૧૨

નકલ : ૧૦૦૦

કિંમત રૂા.

**આવરણ**

જગદીશ ઉ. ઠાકર

**સજાવટ**

**મુદ્રક**

**પ્રકાશક**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧

## લેખકનો પરિચય

જ.તા. ૨૭-૧-૧૯૪૧
કવિ, લેખક, લઘુકથાકાર,
સંપાદક

જગદીશ ઉ. ઠાકર (M.A.)

## સાહિત્ય સર્જન

**મૌલિક**

| | | |
|---|---|---|
| ૧. | ગંગતરંગ (કાવ્ય સંગ્રહ) | ૧૯૮૧ |
| ૨. | અર્ઘ્યાંજલિ (ભક્તિ કાવ્ય-ગીતો) | ૧૯૯૬ |
| ૩. | સ્નેહાંજલિ (લલિત નિબંધો) | ૧૯૯૯ |
| ૪. | મૌન (લઘુકથા સંગ્રહ) | ૨૦૦૫ |
| ૫. | કલ્પનામૂર્તિ (વાર્તાસંગ્રહ) | ૨૦૦૯ |
| ૬. | ચારિત્ર્ય મહિમા (નિબંધો) | ૨૦૧૧ |
| ૭. | લાગણીનાં વહેણ (લઘુકથા સંગ્રહ) | ૨૦૧૧ |

**સંપાદન**

| | | |
|---|---|---|
| ૧. | શ્રધ્ધાંજલિ (સ્વ.પૂ.પિતાશ્રીને) | ૧૯૯૧ |
| ૨. | પુષ્પાંજલિ (શ્લોકો, પ્રાર્થનાઓ) | ૧૯૯૪ |
| ૩. | શ્રેયસ્સાધક અધિકારી વર્ગ - સંસ્થા પરિચય | ૨૦૦૦ |
| ૪. | ગાયત્રી ગીત સાગર (ભજન કીર્તનો) | ૨૦૦૪ |
| ૫. | સ્મરણાંજલિકા (નિત્યપાઠ) | ૨૦૦૫ |

## બાલ સાહિત્ય ગ્રંથાવલિ અંતર્ગત

| | | |
|---|---|---|
| ૧. | મધનાં ટીપાં (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૨. | ઉડતાં ફુગ્ગા (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૩. | મોરનાં પીછાં (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૪. | વાદલડી સાથે વાત લડી (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૫. | ગરવાં ગીત (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૬. | રેડીઓ બાલ નટિકાઓ | ૨૦૧૧ |
| ૭. | રેડીઓ બાલ વાર્તાલાપ | ૨૦૧૧ |
| ૮. | રેડીઓ બાલ સંવાદ | ૨૦૧૧ |
| ૯. | દેવોની દુનિયા | ૨૦૧૧ |
| ૧૦. | શિષ્યોની ગૌરવવંતિ ગથાઓ | ૨૦૧૨ |
| ૧૧. | બાલવાર્તાઓ | ૨૦૧૨ |
| ૧૨. | કીર્તિ કથાઓ | ૨૦૧૨ |

## નિવેદન

ગુરુ અને શિષ્યનો સંબંધ અવર્ણનીય ભાવભર્યો છે. પ્રાચીન આર્યાવર્તની ગુરુકુલ પધ્ધતિના એ ઉજમાળા દિવસો અને વર્તમાન સમયના ભ્રષ્ટાપારથી ખદબદતા શાળા-મહાશાળાઓના પ્રસંગો જોતાં સહેજેય આસમાન - જમીનનો ભેદ જણાયા વિના રહેતા નથી.

એવા સંજોગોમાં અત્યારના વિદ્યાર્થીઓ પહેલાંના વખતના વિદ્યાર્થીઓની સાહસ ને શૌર્યપૂર્ણ જીવન-કથાઓ ઉપરથી આદર્શ ગુરુભક્તિ, ગુરુપ્રેમ, કર્તવ્યપરાયણતા, સ્વાશ્રય, સ્વાર્પણ, સહકારને સેવાના પાઠ શીખે અને સાથે આજના વિદ્યાર્થીઓ અનેક દુર્ગુણો, દુષણો અને બદતર ધ્યેય વિહિન જિંદગી જીવતા વિદ્યાર્થીઓ પોતાના જીવનને નિર્મળાં અને ચેતનવંતા બનાવી ઉચ્ચ ધ્યેય પ્રાપ્તિ કરી રહે તે હેતુ ધ્યાનમાં રાખી, બાલ સાહિત્યકાર ઉમિયાશંકર ઠાકરે લગભગ ૭૦-૮૦ વર્ષ પહેલાં લખેલી અને સામયિકોમાં પ્રગટ થયેલી ૨૩ વાર્તાઓનો સંગ્રહ, સંપાદન કરી, ગુર્જરી માતને ચરણે ધરૂં છું અને પિતૃઋણ અદા કર્યાનો સંતોષાનંદ.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિષ્ય વાચન કે ઈતરવાચન તરીકે આ ઔતિહાસિક શિષ્ય-ગાથાઓના પુસ્તકનો ઉપયોગ થાય તો જે હેતુની વિપુલતા છે તે સાધી શકાય.

બૃહદ ગુજરાતના શિક્ષકગણ તથા વિદ્યાર્થીગણ આ સંગ્રહને અપનાવશે અને ધ્યેયનિષ્ટ વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં પ્રગતિ સાધી રહે તેવો મારો નમ્રભાવ.

**જગદીશ ઉ. ઠાકર**

૩૩, કૃષ્ણ હા. સોસાયટી
૨૨ ગામ વિદ્યાલય પાછળ
વલ્લભ વિદ્યાનગર
પીન - ૩૮ ૧૧૨૦.
ફોન : (૦૨૬૯૨) ૨૩૪૮૩૩

## અનુક્રમણિકા

૧. આરુણિ
૨. ઉપમન્યુ
૩. ઉત્તંક
૪. શુક્રાચાર્યનો શિષ્ય
૫. કમળનું પુષ્પ
૬. ગોરખનાથ
૭. સાંદીપનિના શિષ્યો
૮. ગુરુભક્ત શ્રીકૃષ્ણ
૯. ગિરિમાંથી પંડિત
૧૦. ભીલકુમાર
૧૧. ગુરુપ્રેમનો ચમત્કાર
૧૨. શિષ્યોને માથે તાલ
૧૩. કુમારપાળ
૧૪. લાહિનાની પરીક્ષા
૧૫. ભિક્ષામાં રાજપાટ
૧૬. વાઘણનું દૂધ
૧૭. કસોટીને પંથે
૧૮. નદીના પૂરમાં
૧૯. ભોળાનાથની ગુરુભક્તિ
૨૦. ચમત્કાર ત્યાં નમસ્કાર
૨૧. વેદોનો ઉધ્ધારક
૨૨. સંત કબીરજી

## ૧ : આરુણિ

**વન** - વગડામાં ઋષિનો આશ્રમ હતો. ધૌમ્ય ઋષિનો એ આશ્રમ. મોટો ને સુંદર એ આશ્રમ. ઘણા શિષ્યો ત્યાં રહે. આરુણિ નામનો ય એક વિદ્યાર્થી ત્યાં રહે ને વિદ્યા ભણે.

બધા શિષ્યો સાથે રહે, સવારમાં વહેલ ઊઠે, ને વેદમંત્રોથી આખું વાતાવરણ ગજાવી મૂકે. યજ્ઞયાગાદિ કરે ને કુદરતને ખોળે આનંદે કલ્લોલ કરે.

ગુરુ બધાને સ્વાશ્રયના પાઠ શીખવતા. બધા શિષ્યોને એ કંઈ ને કંઈ કામ સોંપતા કોઈને ફળફૂલ વીણી લાવવાનું તો કોઈને પાણી ભરી લાવવાનું. કોઈને બળતણ લાવવાનું તો કોઈને વળી ગાયો ચારવા જવાનું. સૌ શિષ્યો ય પોતાને સોંપાએલા કામ હોંસે હોંસે કરતા.

બધા શિષ્યો એક દિવસ પોતપોતાને કામે વળગ્યા. આરુણિને ગુરુએ જવના ખેતરમાં પાણી પાવા મોકલ્યો. ખેતર પાસે જ પાણીનો કાંસ હતો. કાંસમાંના પાણીને વાળીને જવનું ખેતર પાવાનું હતું.

ગુરુજીની આજ્ઞા થતાં જ આરુણિ જવના ખેતરે ગયો. એણે કાંસ ઉઘાડ્યો ને ઢાળીએ પાણી લીધું.

પણ, અરરરર ! આ શું થયું ? કાંસનો બંધ અચાનક તૂટી ગયો ને ખળળળ કરતું પાણી બહાર ધસી આવ્યુ. આખા ખેતરમાં પાણી સ્વેચ્છાએ ફરવા લાગ્યું !

આરુણિ બિચારો એકલો હતો. એનાથી શું થાય ? એ માટી ય કેટલી લાવે ? એ માટી લાવી બંધ આગળ નાખે ને બીજી માટી લેવા જાય ત્યાં નાખેલી માટી ધોવાઈ જાય. એ ખરેખરો ગભરાયો "હવે શું કરું ? આ તો આખું ખેતર પાણી  પાણી થઈ જશે ! બધા ય જવ કહોવાઈને હથરાણ વળી જશે !"

પણ આરુણિ હિમ્મતવાન ને બુદ્ધિમાન હતો. હૈયે હિમ્મત રાખીને એ બંધમાં ભરાયો. કાંસમાંથી જોસમાં વહેતું પાણી હવે અટકયું.

પણ બિચારા આરુણિનું શું ? એ તો કાંસમાં ને કાંસમાં પડી રહેલો ! એને ઠંડીય કેટલી બધી લાગી હશે ? એનું શરીરેય પાણીથી ઘસાઈને ને ફોગાઈને કેવું થઈ ગયું હશે ? !

સૂરજદેવ સંતાયા ને રાત પડી. બધા શિષ્યો એક પછી એક એમ આશ્રમે આવી પહોંચ્યા; પણ આરુણિ હજી આશ્રમે પાછો નહોતો આવ્યો. ગુરુએ બધાને પૂછયું પણ કોઈ જાણે ત્યારે કહે ને ? ગુરુ ખરેખરા મુંઝાયા.

છેવટે ગુરુજીને જ યાદ આવ્યું, "હા, એને મેં જવને



ખેતરે મોકલ્યો છે."

તરત જ ગુરુજી એને શોધવા નીકળ્યા. એમણે પગમાં પાવડીઓ પહેરી ને હાથમાં લાકડી લીધી. એ તો પૂરું ઓઢવાય ન રહ્યા. બે-ચાર શિષ્યો ય પાછળ પાછળ ચાલ્યા.

ગુરુજી આમ જુએ, તેમ જોઈને બૂમ પાડે; પણ ત્યાં કોણ બોલે ? આરુણિ હોય તો ને ? છેવટે શોધતા શોધતા એ જવના ખેતર પાસે આવ્યા.

"આરુણિ, બેટા આરુણિ ! ઓ આરુણિ, ક્યાં ગયો ? છે કે નહિ ? જરા બોલ તો ખરો !"

ગુરુજી આખું ખેતર ફરી વળ્યા; પણ કોઈ બોલ્યું નહિ. છેવટે એ પેલા કાંસવાળા બંધ પાસે આવ્યા.

ગળગળે અવાજે ગુરુ બોલ્યા, "બેટા આરુણિ ! હવે તો બોલ આ ખેતર તો બધું પાએલુ છે; ને તું ક્યાં ગયો ? બોલ બેટા, બોલ ઓ આરુણિ !"

અચાનક ધીમેથી આરુણિ બોલ્યો, "ગુરુજી, આ રહ્યો હું તો."

ગુરુએ આરુણિને કાંસમાં જોયો. વહેલાવહેલા એ દોડ્યા. એ એને કાઢવા લાગ્યા.

પણ આરુણિ કહે, "ગુરુજી, પહેલો આ કાંસ બંધાવો. નહિ તો બધે ય પાણી પાણી થઈ જશે. મારી કશી ચિંતા કરશો નહિ."

પેલા શિષ્યો ય આવી પહોંચ્યા હતા.એ માટી લાવ્યા,

પાંદડાં લાવ્યા, કાંટા ને કાંકરા લાવ્યા. ગુરુજીએ ય લાકડીને એક બાજુએ નાખી દીધી ને વહેલે વહેલે બંધ બાંધવા લાગ્યા. એમણે કાંસનો બંધ બાંધી દીધો, ને આરુણિને બહાર કાઢ્યો.

આરુણિને અતિશય ઠંડી લાગી હતી. એ અકડાઈ ગયો હતો. એનાથી પૂરું ચલાય એમ પણ ન હતું.

ગુરુએ અને શિષ્યોએ એને ઉંચકયો, ને પછી ત્યાંથી ચાલી નીકળ્યા.

ગુરુજીને જરા વધારે વાર થવાથી કેટલાક શિષ્યો સામે આવતા મળ્યા. પછી બધાય પાછા ફર્યા ને આશ્રમે આવ્યા.

તાપણી કરીને આરુણિને ખૂબ તપાડ્યો એનું શરીર ગરમ થયું. ઠંડી જતી રહી ને અકડાટ ઓછો થયો. આરુણિ સાજો થયો.

ગુરુજી એને વહાલથી ભેટી પડ્યા. એમની આંખોમાં આંસુ તો માય નહિં. કેટલો બધો પ્રેમ ! બન્નેનું એકબીજા તરફનું હેત અપાર હતું. એમના હેતભાવનાં તે શે વખાણ થાય ?

છેવટે ગુરુના આશીર્વાદથી આરુણિ મોટો વિદ્વાન થયો. આજે ય એને આપણે હેતથી સંભારીએ છીએ : કેવો આરુણિ !



## ૨ : ઉપમન્યુ

**મોટા** એવા વનમાં ધૌમ્ય ઋષિનો આશ્રમ હતો. એમને ઘણા શિષ્યો હતા. ઉપમન્યુ નામનો એક શિષ્ય પણ એ આશ્રમમાં રહે ને વિદ્યાભ્યાસ કરે. આ શિષ્ય જરા ચાલાક હતો.

આશ્રમના વિદ્યાર્થીઓને જુદું જુદું કામ સોંપવામાં આવતું. એક દિવસ ગુરુએ ઉપમન્યુને કહ્યું, ‘‘બેટા, આજથી હું તને ગાયો ચારવાનું કામ સોંપું છું. જોજે, ગાયો કંઈ નાસી ન જાય. એમની બરાબર દેખરેખ રાખજે. ગાયોને કંઈ દુઃખ ન પડે એની કાળજી રાખજે.’’

ઉપમન્યુએ ગુરુને પ્રણામ કર્યા પછી એ કહે, ‘‘ગુરુજી, આપના કહેવા પ્રમાણે હું ગાયોને બરાબર ચારીશ.’’

આમ ઉપમન્યુ રોજ ગાયો ચારવા જાય. આખો દિવસ એ ગાયો ચારે. એની સારી માવજત કરે, ને છેવટે પાણી પાઈને સાંજે એ આશ્રમમાં પાછો ફરે. ગુરુને પ્રણામ કરીને એ ઉભો રહે. થોડાક દિવસ આમ ચાલ્યું. ઉપમન્યુનું શરીરે ય બહુ સારું થયું.

એક દિવસ ગુરુને એની કસોટી કરવાનું મન થયું. એટલે એ કહે, ‘‘બેટા ઉપમન્યુ, હમણાં હમણાંમાં તારૂં શરીર બહુ સારું થયું લાગે છે ! શું તું વનમાં કંઈ છાનોમાનો ખાય છે ?’’

નમન કરીને ઉપમન્યુ બોલ્યો, ‘‘ગુરુજી, ભિક્ષા માગી લાવીને તેમાંથી જે મળે છે તે જ હું ખાઉં છું.’’

કસોટી કરવા ગુરુ કહે, ‘‘અરેરે ! આવું તે થાય ? તારાથી એ બધી ભિક્ષા કેમ ખવાય ? એ રીત તને ઠીક લાગે છે ?’’

પછી તો ઉપમન્યુ ભિક્ષામાં જે મળતું તે બધું ગુરુનાં ચરણ આગળ ધરી દેતો. ગુરુ તેને તેમાંથી કંઈ આપતા નહિ.

વળી થોડા દિવસ થયા, ને ગુરુને લાગ્યું કે હજી ય ઉપમન્યુ કંઈક ચાલાકી કરે છે. એ કહે, ‘‘ઉપમન્યુ, ભિક્ષા તો તું મને આપી દે છે; ત્યારે તું ખાય છે શું ?’’

નમ્રપણે ઉપમન્યુએ જવાબ આપ્યો. ‘‘ગુરુજી, ગાયોના આંચળમાંથી ઝમતું દૂધ હું પીઉં છું.’’

આ સાંભળીને ગુરુજી કહેવા લાગ્યા, ‘‘અરરર ! મારી આજ્ઞા વિના તારાથી દૂધ કેમ પીવાય ? હવે એમ ન કરતો.’’

ઉપમન્યુ શરમાયો. એ કહે, ‘‘જેવી આજ્ઞા ગુરુજી હવે એવું દૂધ નહિ પીઉં.’’



થોડાક દિવસ પછી વળી પાછા ગુરુજી કહે, ‘‘બેટા, તું ભિક્ષામાંથી ખાતો નથી, દૂધે ય પીતો નથી; તો ખાય છે શું ?’’

ઉપમન્યુ કહે, ‘‘ભગવન્, ધાવતાં ધાવતાં વાછરડાંનાં મોઢાંમાંથી જે ફીણ બહાર નીકળે છે તે હું ચાટી ખાઉં છું.’’

પછી ગુરુજી કહે, ‘‘ઉપમન્યુ, હવે એવું ન કરતો એ તો વાછરડાંની જાત. બિચારાં દયાળુ ખરાં ને. તને એ ફીણ ખાતો જોઈને વધારે ફીણ બહાર કાઢે, ને એ બિચારાં ભૂખ્યાં રહે. આ ઠીક ન કહેવાય.’’

ઉપમન્યુ જરા ગભરાયો. હવે બિચારાએ ખાવું શું ? ભૂખે પેટે ગાયો ચારવા લાગ્યો. પણ કાંઈ પેટ કોઈને છોડે છે ? એમ ભૂખે કેટલા દિવસ રહેવાય ? છેવટે એને એક વિચાર સૂઝ્યો. એણે વનસ્પતિનો આશ્રય લીધો ને આંકડા વગેરેનાં કુમળાં પાન ખાવા માંડ્યાં. થોડે દિવસે એ આંધળો થયો.

એક દિવસ સાંજ પડતાં ગાયો લઈને એ આશ્રમ તરફ પાછો ફરતો હતો. પણ એને આંખે પૂરું સૂઝે નહિ, એટલે ચાલતાં ચાલતાં એ એક કૂવામાં પડી ગયો. ગાયો આશ્રમમાં જઈ પહોંચી. રાત પડી; પણ ઉપમન્યુ ન દેખાયો.

તરત જ ગુરુએ બીજા શિષ્યોને પૂછ્યું, ‘‘ઉપમન્યુ ક્યાં ગયો ? એને શું થયું ? એને આપણે શોધી કાઢવો જોઈએ.’’

ગુરુ ને બીજા શિષ્યો ઉપમન્યુને શોધવા ચાલ્યા. ગુરુ બૂમો પાડે, "ઉપમન્યુ, બેટા ઉપમન્યુ, ક્યાં છે તું ? કયાં ગયો ? જરા બોલ તો ખરો."

એટલામાં કૂવામાં રહ્યાં રહ્યાં ઉપમન્યુએ ગુરુજીનો સાદ ઓળખ્યો. એ બોલ્યો "ગુરુજી, હું તો આ કૂવામાં પડી ગયો છું".

દોડતા દોડતા ગુરુ કૂવા પાસે ગયા. એ કહેવા લાગ્યા, "બેટા, કૂવામાં તું શું કરતાં પડી ગયો ?"

કૂવામાંથી જવાબ આપતાં ઉપમન્યુ બોલ્યો, "પ્રભુ, મારાથી ભૂખે ન રહેવાયું. આથી રોજ હું આકડાનાં પાન ખાતો હતો. આકડાનાં પાન ખાવાથી હું આંધળા જેવો થયો, ને આશ્રમે આવતાં આવતાં હું કૂવામાં પડી ગયો. "

પછી ગુરુ બોલ્યા, "બેટા ઠીક છે. હવે તું દેવોના વૈદ્ય અશ્વિનીકુમારની પ્રાર્થના કર. તારી આંખો સારી થઈ જશે."

એકચિત્તથી ઉપમન્યુએ અશ્વિનીકુમારની પ્રાર્થના કરી. અશ્વિનીકુમાર પ્રસન્ન થયા. એ એની સામે આવીને કહેવા લાગ્યા, "ઉપમન્યુ, તારી પ્રાર્થનાથી અને તારી ગુરુભક્તિથી હું ખરેખર પ્રસન્ન થયો છું તું ભૂખ્યો છે, તો લે, આ તારે માટે ખાવાનું આણ્યું છે."

એટલે પ્રણામ કરીને ઉપમન્યુ કહેવા લાગ્યો, "પ્રભુ ગુરુદેવને અર્પણ કર્યા સિવાય મારાથી એ ન ખવાય."



પછી અશ્વિનીકુમારે એને બહુ સમજાવ્યો પણ એ પોતાના નિશ્ચયમાંથી ન ડગ્યો તે ન જ ડગ્યો.

ઉપમન્યુની આવી અડગ ગુરુભક્તિ જોઈને અશ્વિનીકુમાર અતિશય પ્રસન્ન થયા. એની આંખોએ રસવાળો હાથ ફેરવ્યો. આથી એની આંખો પહેલાં હતી તેનાથી ય સરસ થઈ ગઈ. પછી અશ્વિનીકુમારે એને આશીર્વાદ આપ્યો ને કૂવામાંથી એને બહાર કાઢ્યો. છેવટે અશ્વિનીકુમાર અલોપ થઈ ગયા.

ગુરુજીએ ઉપમન્યુને જોયો એને એ હેતથી ભેટી પડ્યા. એ ગળગળા થઈ ગયા. એમની આંખોએ હરખનાં આંસુ આવ્યાં. એમણે એને માથે વહાલભર્યો હાથ મૂકીને આશીર્વાદ આપ્યો.

પછી તો ગુરુના આશીર્વાદથી એ આગળ જતાં મોટો પંડિત થયો, ને સારી ખ્યાતિ પામ્યો.

## ૩ : ઉત્તંક

**ધૌમ્ય ઋષિના** મુખ્ય ત્રણ શિષ્યો હતા. એમાંનો ત્રીજો શિષ્ય વેદ હતો. વેદ આગળ જતા મહા પ્રતાપી ગુરુ થયો. એ વેદઋષિનો વહાલો શિષ્ય તે ઉત્તંક.

ઉત્તંકની ગુરુભક્તિ અજબ હતી. ગુરુની કૃપાથી એ ભણીગણીને સ્નાતક બન્યો. હવે એને પોતાને ઘેર જવાનો વખત થયો. એને ગુરુથી અળગા થતાં ખૂબ દુઃખ થતું હતું. જતાં જતાં એ ગળગળા અવાજે ગુરુને કહેવા લાગ્યો, ‘‘ગુરુદેવ, આપે મને વિદ્યારૂપી અમૂલ્ય ધનનું દાન કર્યું છે. આ આપના શિષ્યને હવે ગુરુદક્ષિણા માટે આજ્ઞા કરો. પ્રભુ આપને શાની ઈચ્છા છે ?’’

ગુરુ કહે, ‘‘બેટા તેં મારી સાચા મનથી સેવા કરી છે; એ જ ખરી ગુરુદક્ષિણા છે.’’

પણ ઉત્તંક કાંઈ એમ માને ? એણે એનો આગ્રહ ચાલુ રાખ્યો. છેવટે ઉત્તંકના આગ્રહથી ગુરુ કહે, ‘‘તો બેટા, આપણી કુટિરમાં જા, ને દેવીને પૂછી જો. ’’

આજ્ઞા મળતાં જ ઉત્તંક માતાતુલ્ય ગુરુપત્ની પાસે ગયો. એ એમને ચરણે ભાવથી નમ્યો, ને પોતાની ઈચ્છા જણાવી.



કેટલોક વિચાર કર્યા પછી માત બોલ્યાં, ‘‘બેટા, આજથી ચોથે દિવસે મારે પુણ્યક નામનું વ્રત છે. તે દિવસે પૌષ્ય રાજાની રાણીનાં કુંડલ પહેરવાની મને ઈચ્છા થઈ છે. તારાથી બની શકે તો એ કુંડલ લાવવાનું કામ કર.’’

ગુરુપત્નીની આજ્ઞા થતાં જ એ પ્રણામ કરીને બહાર આવ્યો. ગુરુજીની આજ્ઞા લઈને એ કુંડલ લેવા માટે ચાલી નીકળ્યો ! છેવટે રસ્તામાં આવતી અડચણને દૂર કરતો કરતો એ પૌષ્ય રાજાને ત્યાં પહોંચ્યો.

રાજાએ એનો સારો સત્કાર કર્યો, ને પધારવાનું કારણ પૂછયું. ઉત્તંક કહે, ‘‘રાજાજી, હું આપનાં રાણીનાં કુંડલની યાચના કરવા આવ્યો છું. ગુરુપત્નીએ ગુરુદક્ષિણામાં એની માગણી કરે છે. મારે એમને એ ગુરુદક્ષિણામાં આપવાં છે.’’

રાજા કહે, ‘‘આપ બ્રહ્મચારી છો. વળી સ્નાતક છો. આપ જ એમની પાસે જાઓ ને કુંડલની માગણી કરો તો ?’’

ઉત્તંક મહેલમાં ગયો. રાણીએ એ ઋષિકુમારનો સત્કાર કર્યો, ને આવવાનું કારણ પૂછયું. ઋષિકુમાર કહે, ‘‘દેવી, મારે ગુરુદક્ષિણાા આપવી છે. ગુરુપત્નીએ આપનાં કુંડલની ગુરુદક્ષિણામાં માગણી કરી છે. હું આપનાં કુંડલની યાચના કરવા આવ્યો છું.’’

રાણી ઉત્તંકની વાત સમજી ગયાં. ઉત્તંકની લાયકાતે ય એમણે જોઈ. પોતાના કાનેથી એ કુંડલ કાઢતાં કાઢતાં કહેવા લાગ્યાં, ‘‘કુમાર, આ કુંડલને સાચવીને લઈ જજો. સર્પોનો રાજા તક્ષક આ કુંડલની શોધમાં હંમેશાં ફર્યા કરે છે. ’’

આમ કહીને રાણીએ કુંડલ આપ્યાં. પછી આશીર્વાદ દઈને ઉત્તંક ત્યાંથી ચાલી નીળ્યો.

રસ્તામાં એક નદી ઉપર ઉત્તંક પોતાનું નિત્યકર્મ કરતો હતો. તક્ષક ત્યાં છાનોમાનો આવી પહોંચ્યો. એ પેલાં કુંડલ લઈને ચાલતો થયો. નિત્યકર્મથી પરવારીને ઉત્તંક જુએ છે તો કુંડલ ન મળે ! એનું હૈયું ધબકવા લાગ્યું ! એના દુઃખનો પાર ન રહ્યો.

પણ ઉત્તંક કંઈ નમાલો ન હતો. એ તો તેજસ્વી ઋષિકુમાર હતો. એણે હૈયે હિમ્મત રાખીને ઉપાય શોધી કાઢ્યો. એણે એકચિત્તે ઈન્દ્રની પ્રાર્થના કરી. ઈન્દ્ર પ્રસન્ન થયા. ઈન્દ્રની સહાયથી કુંડલ મળ્યાં. કષ્ટ ઘણું પડ્યું; પણ કુંડલ વખતસર મળ્યાં તેથી તેના આનંદનો પાર ન રહ્યો.

ઉતાવળો ઉતાવળો એ ગુરુપત્ની પાસે ગયો. કુંડલ એમને ચરણે મૂકીને એણે એમને પ્રણામ કર્યાં.

ગુરુપત્ની હરખાયાં. એમણે ઉત્તંકને આશીર્વાદ આપ્યો, “બેટા, ઈશ્વરકૃપાએ તને સૌ સિદ્ધિઓ પ્રાપ્ત થાઓ.”

ગુરુએ ય એના સાહસથી ખુશ થઈને આશીર્વાદ આપ્યો.

આમ ગુરુ અને ગુરુપત્નીનો આશીર્વાદ મેળવીને ભાવભર્યો ઉત્તંક પોતાને ઘેર ગયો. આગળ જતાં એ ઘણો તપસ્વી, જ્ઞાની ને પ્રતાપી બન્યો. કેવો શિષ્ય ?



## ૪ : શુક્રાચાર્યનો શિષ્ય

**દાનવોને** એક ગુરુ હતા. એ મહા વિદ્વાન અને જ્ઞાનિ હતા. ભલભાલા જ્ઞાનીઓનેયએ હઠાવે એવા હતા. અરે ! દેવ લોકોય એમનાથી ડરે. બલિરાજા પાસેથી વામન ભગવાને જયારે સાડાત્રણ પગલાં જમીન માગેલી ત્યારે એ કાણા થએલા. એમનું નામ શુક્રાચાર્ય હતું.

એમને એક પુત્રી હતી. એનું નામ દેવયાની હતું.

એમને ત્યાં વિદ્યાભ્યાસ કરવાને માટે ઘણા શિષ્યો આવતા. કચ નામનો એક શિષ્ય એ ગુરુને ત્યાં રહેતો ને મૃત્યુ-સંજિવની વિદ્યા શીખતો.

કચ તે કચ જ હતો. એ ખરેખરો વિદ્યાર્થી હતો. ગુરુનું બધું કામ કચ કરે. ગુરુની સેવામાં એ હંમેશા ખડેપગે તૈયાર જ રહે. ગુરુને માટે એ પોતાના પ્રાણનીય પરવા ન કરે, એવો એ ગુરુભક્ત હતો.

આમ, કચ ગુરુ ઉપર હેત રાખે, ને ગુરુ કચ ઉપર હેત રખે.

બીજા દૈત્ય-શીષ્યોએ આ જોયું. એમનાથી એ સાંખ્યું ન ગયું. એ બધા કચનો ઘાટ ઘડવાનો લાગ શોધવા લાગ્યા.

પ્રાતઃકાળ હતો. પંખીઓ ઉડતાં ઉડતાં કિલકિલાટ કરતાં હતાં. ઠંડો-મીઠો પવનેય વાતો હતો. કચ બગીચામાં ફૂલ વીણતો હતો. દૈત્ય-શિષ્યો લાગ સાધીને બગીચામાં ગયા. કચને ભોળવીને એમણે એને મારી નાખ્યો.

સૂરજબાપા આથમ્યા ને રાત પડી. ગુરુ પાસે બધા શિષ્યો ભેગા થયા; પણ વહાલો કચ ન દેખાયો ! ગુરુ ગભરાયા ને વિચારમાં પડ્યા. એમણે બધા શિષ્યોને કચ વિષે પૂછ્યું; પણ કોઈ કશું કહે તો ને ! ગુરુ ખરેખરા મુંઝાયા.

અન્તે ગુરુએ આસન વાળ્યું, પ્રાણ રૂંધ્યો ને સમાધિ ચઢાવીને જોયું. કચ મરણ પામ્યો છે એવી એમને સમાધિમાં જાણ થઈ.

પણ ગુરુ શુક્રાચાર્ય તો મહા સમર્થ હતા. એમણે પોતાની અદ્‌ભુત વિદ્યાથી કચને જીવતો કર્યો.

દોડતો ને શ્વાસભર્યો કચ ગુરુ પાસે આવી પહોંચ્યો. એ ગુરુને પગે પડ્યો. ગુરુએ આશીર્વાદ દીધા.

હવે તો કચ ગુરુની અમાપ પ્રેમથી સેવા કરતાં કરતાં વિદ્યાભ્યાસ કરવા લાગ્યો.

પણ પેલા દાનવોના છોકરાઓથી આ કેમ સાંખ્યું જાય ?

લાગ સાધીને એ ખારીલા શિષ્યોએ ફરીથી કચને મારી નાખ્યો. પછી એને બાળીને એની રાખોડી કરીને યુક્તિથી ગુરુને તે પાઈ દીધી.

છેવટે આ વાતની ગુરુને ખબર પડી; પણ હવે શું થાય ?



પણ ગુરુ ય પૂરા પહોંચેલા હતા. એમણે પોતાના પેટમાંના કચને મૃત્યુ-સંજિવની વિદ્યા ભણાવવા માંડી. આમ પૂરેપૂરી વિદ્યા શીખવીને કચને એ વિદ્યામાં નિપુણ બનાવ્યો. પછી ગુરુ કહે, ‘‘બેટા, કચ, હવે તું મારૂં પેટ ચીરીને બહાર નીકળ.’’

ગુરુની આજ્ઞા થતાં, પેટ ચીરીને કચ તરત જ બહાર નીકળ્યો. પછી કચે વિદ્યાના બળે ગુરુને જીવતા કર્યા. સૌ ખુશી થયાં દેવયાનીના હરખનો ય પાર ન રહ્યો. ફક્ત દૈત્ય શિષ્યોના કચવાટનો પાર ન રહ્યો.

કચે ગુરુને પ્રણામ કર્યાં. ગુરુએ એને ભાવભર્યો આશીર્વાદ આપ્યો, ‘‘બેટા કચ, તારી વિદ્યાને ધન્ય છે. તારૂં કલ્યાણ થાવ.’’

દેવયાની હવે કચની સાથે વધારે ફરતી. આશ્રમની આજુબાજુ એ બન્ને ફરતાં, ઠંડી-મીઠી વાતો કરતાં ને આનંદ કરતાં.

એટલામાં દેવયાનીને વિચાર થયો, ‘‘કચ સાથે જ આમ જીવનપર્યંત રહેવાય તો કેવું ? એની સાથે જ લગ્ન કર્યું હોય તો ?’’

દેવયાનીએ આ વિચાર કચને જણાવ્યો.

કચ વિચારમાં પડ્યો. એ ગભરાયો. છેવટે કચ કહે, ‘‘દેવયાની, તું તો મારી વહાલીબેન; મારા ગુરુની પુત્રી. ગુરુ શુક્રાચાર્ય તો મારા પિતા થાય. તું તો મારી ધર્મની બેન. આવું ખોટું બોલ નહિ. તારી સાથે મારાથી કેમ પરણાય ?

પિતાતુલ્ય ગુરુની કન્યાને પરણું તો હું ખરેખર પાપી કહેવાઉં. માટે બેન, આવી ગાંડી વાત તું કરીશ નહિ આપણે ભાઈબેનની રીતે વર્તીશું, પિતાની સેવા કરીશું ને આનંદે રહીશું.''

પણ દેવયાની ખરેખરી જક્કી બની હતી એ કહે ''કચ, ગમે તેમ થાય, તારૂં કહેવું હું સાંભળનાર નથી. મારી સાથે લગ્ન કરવાનું જ મારે તો તારી પાસેથી વચન જોઈએ છીએ. જો તું મને વચન નહિ આપે તો હું તને શાપ આપીશ.''

કચ કહે, ''બેન, તું ગમે તેમ કર, પણ મારા ગુરુની પુત્રી સાથે હું એવુ ખોટું કામ નહિ કરૂં તે નહિ જ કરૂં.''

આથી દેવયાની ખરેખરી ખીજાઈ. એના ગુસ્સાનો પાર ન રહ્યો. અન્તે એણે શાપ આપ્યો, ''મેં આટલું આટલું કહ્યું તેનું કાંઈ જ નહિ ! મારો બોલ તેં ઉથાપ્યો ! માટે જા તારી સઘળી વિદ્યા નિષ્ફળ જશે.''

ગુરુનાં પ્રેમ-ભક્તિને કાજે કચે ગુરુપુત્રીનો શાપ માથે ચઢાવ્યો ! તમે કહેશો, કચ કેવો ?



## ૫ : કમળનું પુષ્પ

**બોધાયન** નામના એક ઋષિ હતા. એક દિવસ એ સવારમાં વહેલા ઉઠીને સરોવરે સ્નાન કરવા ગયા. સરોવરનુ જળ નિર્મળ હતું. એમાં એક સુંદર કમળનું ફૂલ ખીલેલું હતું. ફૂલનો રંગ ભૂરો હતો. એ ભૂરું કમળ મંદમંદ પવનમાં લ્હેરથી નાચતું હતું. એ બહુ સુંદર દેખાતું હતું.

બોધાયને એ કમળને જોયું. એમને એ ખૂબ ગમ્યું. એમને થયું, ''ગુરુદેવને આ ભૂરું કમળ અર્પ્યું હોય તો ?''

આમ વિચાર કરીને એ પાણીમાં પડ્યા તરતા તરતા એ કમળ પાસે પહોંચ્યા. કમળને લઈને એ પાછા ફર્યા સ્નાન સન્ધ્યાદિથી એ પરવાર્યા. પછી કમળનું પુષ્પ લઈને એ પોતાના ગુરુદેવ તરફ ચાલી નીકળ્યા. એમના ગુરુ વ્યાસ ભગવાન હતા.

આકાશમાર્ગે નારદઋષિ જતા હતા. એમણે પેલું કમળ જોયું. તરત જ નીચે આવ્યા. બન્ને ઋષિએ સામાસામી નમન કર્યું. પછી નારદઋષિ બોલ્યા, ''ઋષિજી, આ કમળનું ફૂલ

સુંદર છે. એની પાંખડીઓ કેટલી મઝાની છે ? કૃપા કરીને એ કમળ મને આપશો ? મારે એને વિષ્ણુ ભગવાનને ચરણે ધરવું છે ?''

નારદજીની વાણી સાંભળતા જ બોધાયનઋષિ વિચારમાં પડ્યા. થોડીવારે નારદમુનિ કહેવા લગ્યા. ''ઋષિજી, શા વિચારમાં પડ્યા છો ? તમારે જે કહેવું હોય તે સંકોચ રાખ્યા વિના કહો .''

નારદજીનાં વચન સાંભળતાં જ બોધાયને નમ્રપણે કહ્યું, ''દેવ, પૂજયપાદ વ્યાસ ભગવાનને ચરણે આ પુષ્પ ધરવાને માટે જ આ સેવક જાય છે. પછી આપની જેવી ઈચ્છા.''

નારદમુનિને કાંઈ સમજાવવું પડે એવું ન હતું. એ તો બધું સમજતા હતા. એમણે જવાબ આપ્યો, ''ઋષિજી, તમે કરો છો એ યોગ્ય જ છે. તમારા ગુરુને ચરણે તમે એ પુષ્પ અર્પણ કરો તેમાં મને કશો વાંધો નથી. કારણકે ગુરુ તો સાક્ષાત્ વિષ્ણુસ્વરૂપ છે. તમને વાંધો ન હોય તો હું પણ તમારી સાથે આવું.''

બન્ને સાથે ચાલ્યા. એ બદરિકાશ્રમમાં ગયા. વ્યાસ ભગવાન ધ્યાનમાં હતા. એમણે નયનો ઉઘાડ્યાં. દેવર્ષિ નારદ અને પોતાના શિષ્ય બોધાયનને જોઈને એ પ્રસન્ન થયા. એમણે શિષ્ય પાસેથી કમળ લીધું. કમળ જોઈને એ હર્ષ પામ્યા. શિષ્ય ગુરુદેવને ચરણે પડ્યો.



પછી વ્યાસ ભગવાન નારદજીને કહેવા લાગ્યા, ''ભગવન્ નારદ ! આપ શ્રી વિષ્ણુ ભગવાનની પાસે જવાના તો હશો જ. લ્યો, આ ફૂલને જરા લેતા જશો ? '' એને વિષ્ણુ ભગવનને ચરણે અર્પણ કરશો ?''

આ સાંભળતાં જ નારદજીના આશ્ચર્યનો ને આનંદનો પાર ન રહ્યો. છેવટે નારદજીના મનનું સમાધાન કરવા વ્યાસ ગુરુ બોલ્યા, ''તમારી વાતચીત સમયે મને શિષ્યે યાદ કર્યો હતો. શિષ્યના મનની વાત હું જાણી ગયો હતો. આપે શિષ્ય બોધાયનને જે વચનો કહ્યાં હતાં તે બરાબર છે. ગુરુચરણના પૂજનથી સર્વ કાંઈ પ્રાપ્ત થઈ શકે છે. ''

આ સાંભળીને નારદજી અને બોધાયન બન્ને આનંદ પામ્યા કેવા ગુરુ ?

## ૬ : ગોરખનાથ

**નેપાલના** રાજ્યમાં ગુરુ શ્રી મત્સ્યેન્દ્રનાથ દેવ ગણાય છે. એમનો પ્રભાવ જબરો મનાતો. એક વખત એ ત્રિયારાજ્ય તરફ જઈ ચઢ્યા. ત્રિયારાજ્ય એટલે તો સ્ત્રીઓનું જ રાજ્ય. ત્યાં પુરુષોનું કાંઈ ન ચાલે. મત્સ્યેન્દ્રનાથ યોગી હોવા છતાં એ એમનો યોગ ભૂલ્યા ! ત્યાંની રાણી સાથે એ રહેવા લગ્યા. એ તો પોતાનો આશ્રમ ને શિષ્યોનેય ભૂલી ગયા !

એમને એક શિષ્ય હતો. ગુરુ ઉપર પૂર્ણ શ્રધ્ધા રાખનાર એ શિષ્ય હતો. એની ગુરુ તરફની એકનિષ્ઠાથી એનામાં અપૂર્વ બળ આવ્યું હતું. એનું નામ ગોરખનાથ હતું.

ઘણા દિવસ થયા પણ ગુરુ આશ્રમે ન આવ્યા ! બધા શિષ્યો ભેગા થયા. એ વિચાર કરવા લાગ્યા, ''હવે શું કરવું ?''

ગોરખ કહે, ''હું ગુરુની શોધને કાજે જાઉં છું.'' એમ કહીએ એ ત્યાંથી ચાલી નીકળ્યો.

ટાઢ ને તડકો, ભૂખ ને દુઃખ વેઠતો વેઠતો એ ત્રિયારાજ્યમાં જઈ પહોંચ્યો. પણ હવે અંદર જવું કેવી રીતે ? બીજા પુરુષોથી ત્યાં હવે પ્રવેશ કરી શકાય એમ ન હતું.

એટલામાં એક ગવૈયો ત્યાં થઈને જતો હતો. એને એ



મળ્યો. એ ગવૈયાને તબલા વગાડનારની જરૂર હતી, ને ગોરખને તબલા વગાડતાં આવડતા હતા. આથી એ એને યુક્તિથી પોતાને ઘેર લઈ ગયો.

બીજે દિવસે દરબારમાં ભારે ધામધૂમ થતી હતી. સંગીતનો જલસો હતો. સૌકોઈ દરબારમાં જતું હતું. પેલી સંગીત મંડળીય દરબારમાં ગઈ.

જલસાની ધૂન જામવા લાગી. રાગરાગિણીઓ, ઠુમરી, દાદરો, ને પહાડી ઝીંઝોટીઓની ઝડી પડી. સૌનું ધ્યાન ગોરખના તબલાના ઠેકા ઉપર ગયું. એના તબલાનો ઠેકો કાંઈ ઓર જ હતો. એના ઠેકામાંથી ધ્વનિ નીકળતા હતા. ''ચેત, મચ્છન્દર, ગોરખ આવ્યો.'' ''ચેત, મચ્છન્દર, ગોરખ આવ્યો.''

રાણી આ બધુ સમજી ગઈ. એણે જલસો બંધ કરાવ્યો. ગોરખના હાથામાં એણે બેડીઓ નંખાવી.

પણ ગોરખ કાંઈ કાચો શિષ્ય ન હતો. ગુરુને નમન કરીને એ બોલ્યો, ''ગુરુના નામ પર આ બેડીઓ તૂટી જાઓ.''

તરત જ બેડીઓ તડાતડ તૂટી ગઈ !

રાણી ખીજવાઈ. એણે ઘંટીના પડ જેવો પુષ્કળ વજનદાર પત્થર મંગાવ્યો. ઘણા માણસોએ ઉંચકીને એના ગળામાં એ પહેરાવી દીધો. પણ જ્યાં દૃઢ ગુરુભક્તિ હોય ત્યાં એનો શો હિસાબ ? ''ગુરુના નામ પર ભૂકેભૂકા ...'' શબ્દો બોલાતાં જ પત્થરના ટુકડે ટુકડા થઈ ગયા ! સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો.

હવે ગુરુ મત્સ્યેન્દ્રનાથની આંખો ખૂલી. એમને ભાન આવ્યું. શિષ્યની સાધનાના બળે ગુરુ ને શિષ્ય બંને ત્યાંથી છૂટયા.

ગુરુ-શિષ્યનો ભાવ જોઈને સૌ ખુશી થયા.



## ૭ : સાંદીપનીના શિષ્યો

**પહેલાંના** વખતમાં સાંદીપનિ નામના એક ઋષિ હતા. એમને ઘણા શિષ્યો હતા. કૃષ્ણ અને સુદામાય એમના શિષ્યો.

શિષ્યો ગુરુની સેવા કરે. કોઈ પાણી લાવે, કોઈ ફળફળાદિ લાવે, કોઈ ફૂલ-પાંખડી લાવે, કોઈ ગાયો ચારી લાવે; તો કોઈ વળી લાકડાં લાવે.

હવે બન્યું એવું કે એક દિવસ ગુરુ કંઈક કામે ગયા હતા, ને આશ્રમમાં લાકડાં ખૂટી ગયાં હતાં. એટલે ગુરુપત્નીએ કૃષ્ણ-સુદામાને લાકડાં લેવા મોકલ્યા.

કુહાડા લઈને, કૃષ્ણ ને સુદામા જંગલમાં ચાલી નીકળ્યા એ તો દૂર આઘે ગયા. એક સૂકું ઝાડ એમણે જોયું તે કાપવાનું શરૂ કર્યું. એને બરાબર ફાડયું ને લાકડાં તૈયાર કર્યા.

પણ એટલામાં વરસાદ ખરેખરો ચઢી આવ્યો. કાળાં કાળાં વાદળાં : કાટકા ને વીજળીઓ થવા લાગી. ઝીણે ફોરે વરસાદેય વરસવા લાગ્યો.

વહેલે વહેલે કૃષ્ણ અને સુદામાએ લાકડાંના ભારા બાંધ્યા. સામાસામી ચઢાવીને એમણે એ માથે લીધા. એ

ચાલવા લાગ્યા.

પણ વરસાદનો ને વાનો વિશ્વાસ શો ? વરસાદ જોરથી પડવા લાગ્યો. એ તો ખરેખરો પડવા લાગ્યો. મુશળધારે વરસાદ પડ્યો. બધે પાણી પાણી કરી મૂક્યું. રાત પડી ને અંધારું ય થયું. હવે રસ્તો ય કેવી રીતે સૂઝે ? વરસાદ કહે મારું કામ, ને પવન કહે મારું ! હવે જવું ય ક્યાં ? બન્ને ખરેખરા ગભરાયા. એ તો પલળતા પલળતા આમ જાય ને તેમ જાય.

ત્યાં આગળ એક ટેકરા ઉપર ઝાડ હતું. બન્નેય ટેકરે ચઢીને ઠંડીથી ધ્રુજતા ધ્રુજતા ઝાડ નીચે ઉભા રહ્યા.

❀

ગુરુજી આશ્રમે પાછા આવ્યા હતા. બધા શિષ્યો એમની આજુબાજુ એકઠા થઈને બેઠા હતા. પણ ગુરુએ કૃષ્ણ અને સુદામાને ન જોયા. એ બન્નેને ન જોતાં ભયભીત ચહેરે એ બોલી ઉઠ્યા, ‘‘શિષ્યો, કૃષ્ણ અને સુદામા ક્યાં ગયા ? એ કેમ નથી દેખાતા ?’’

શિષ્યો કહે, ‘‘ગુરુજી, અમે બધા કંઈ જાણતા નથી. માતાજી જાણતાં હોય તો એમને પૂછો.’’

ઋષિ સફાળા ઉઠયા. એમને પત્નીને પૂછયું.

ગુરુપત્ની કહે, ‘‘આશ્રમમાં બળતણ થઈ રહ્યાં હતાં, એટલે મેં એમને બળતણ લેવા મોકલ્યા હતા. પછી શું થયું તેની મને ખબર નથી.’’

ઋષિજી ગભરાયા એમને થયું, ‘‘હવે એમને ક્યાં



ખોળવા ? એમનો પત્તો કેવી રીતે મળશે ?’’ આમ વિચારીને એ તરત જ ઉતાવળે પગલે ત્યાંથી ચાલી નીકળ્યા. એ બૂમો પાડવા લાગ્યા, ‘‘બેટા કૃષ્ણ, બેટા સુદામા, ક્યાં છો ? બોલો તો ખરા ?’’ આમ ગળગળે અવાજે ગુરુ બોલતા જાય ને આગળ આગળ ચાલતા જાય. કેટલાંય ખાબોચિયાંનો કાદવ ખૂંદતા ખૂંદતા ગુરુ પેલા ઝાડ નજીક જઈ પહોંચ્યા.

એ કહે, ‘‘બેટા કૃષ્ણ-સુદામા, ક્યાં છો.’’

અચાનક કૃષ્ણ-સુદામા બોલી ઉઠ્યા, ‘‘ગુરુજી, આ રહ્યા.’’

એ અવાજ સાંભળતાં જ ગુરુજી દોડતા દોડતા ઝાડ નીચે પહોંચ્યા. શિષ્યોને ગુરુ ભેટી પડ્યા. પછી એ ગળગળા અવાજે બોલ્યા, ‘‘બેટા, તમને બહુ દુઃખ પડ્યું. અમારે માટે તમે બહુ દુઃખ વેઠયું. તમારી ભક્તિ જોઈને હું તમારા ઉપર બહુ રાજી થયો છું. ભગવાન, તમારી વિદ્યા સફળ કરો.

પછી લાકડાં લઈને બીજા શિષ્યો સાથે સૌ આશ્રમે આવ્યા.

આશ્રમે આવીને ગુરુજીએ બધા શિષ્યોને આ વાત કહી. બધા શિષ્યો એ વાત સાંભળીને નવાઈ પામ્યા. સૌ કહેવા લાગ્યા, ‘‘વાહ ! વાહ ! ધન્ય છે ! ધન્ય છે ! તમે તો ખરી કરી ! અમને ય બોલાવવા હતા ને ?’’ આમ કહીને કેટલાક તો એમને ઉંચકવાા લાગ્યા.

પછી બધા ય શિષ્યો ગુરુજીની સાચી સેવા કરવા પ્રેરાયા.

## ૮ : ગુરુભક્ત શ્રીકૃષ્ણ

**સાંદીપનિ ઋષિના** આશ્રમની પાસે મોટું વડનું ઝાડ હતું. ઝાડના થડ પાસેના ઉંચા આસન ઉપર ઋષિ સાંદીપનિ બેઠા હતા. બધા શિષ્યો ગુરુની સામે બેઠા હતા. કૃષ્ણ ને સુદામા ય ત્યાં બેઠા હતા.

ગુરુજી એમને જૂનો મંત્ર પૂછીને નવો મંત્ર શીખવતા હતા. સૌ કોઈ એકાચિત્તે બેઠા હતા, ને નવો મંત્ર શીખતા હતા.

થોડેક દુર ગુરુપત્ની ગાય દોહવા બેઠાં હતાં. ગાયને દોહવાને એ પાહો મૂકાવતાં હતાં.

એટલામાં ત્યાંથી અવાજ સંભળાયો, "બેટા, કોઈ દોણી લાવોને, આ ગાય ઊભી નથી રહેતી. આ પાહો તો એણે હવે મૂકી દીધો છે. કોઈ લાવશે કે ?"

કેટલાક શિષ્યોએ આને સાંભળ્યું ન સાંભળ્યું કર્યું, કારણ નવો મંત્ર શીખવાનો હતો. શીખવાનું મૂકીને ઉઠેય કોણ ?

તરત જ કૃષ્ણ ઉઠ્યા. ઉતાવળા ઉતાવળા એ દોડ્યા. આશ્રમમાં જઈને વહેલા વહેલા એ દોણી લઈ આવ્યા. દોણી એમને ગુરુપત્નીને આપી. ગુરુપત્ની ખુશી થયાં. એ ગાય દોહવા લાગ્યાં.

❀

**વિદ્યાભ્યાસ** પૂરો કરીને શ્રીકૃષ્ણ ઘેર જવાને તૈયાર થયા.



એ પોતાના ગુરુ સાંદીપનિને પગે પડ્યા. પછી એ બોલ્યા, "ગુરુદેવ, આપની કૃપાથી હું બધી વિદ્યા ભણી શક્યો છું. આપની રજા હોય તો હવે હું ઘેર જાઉં. પણ તે પહેલાં આપ મારી પાસેથી ગુરુદક્ષિણામાં કાંઈક માગી લો. આપે આપેલી વિદ્યાનો બદલો તો મારાથી વળી શકે તેમ નથી. !"

ગુરુજીનો પુત્ર મરણ પામ્યો હતો. એમને શ્રીકૃષ્ણના બળની ખબર હતી. એટલે એમણે ગુરુદક્ષિણામાં માગ્યું, "બેટા કૃષ્ણ, એક કામ છે; પણ એ જરા અઘરૂં છે. મારો એકનો એક પુત્ર - તારો ભાઈ - મરણ પામ્યો છે. તેને તું પાછો લાવી આપે તો તારી ગુરુદક્ષિણા સાચી."

કૃષ્ણ તરત જ ગુરુને પ્રણામ કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. એ સાગરમાં પડ્યા, ને પાતાળમાં પહોંચ્યા. એ તો સાતે ય પાતાળ શોધી વળ્યા; પણ ગુરુપુત્રનું ઠેકાણું ન પડ્યું.

રસ્તામાં એક રાક્ષસ મળ્યો. એને શ્રીકૃષ્ણે હરાવ્યો, ને એની પાસેથી પંચાનન નામનો શંખ લીધો.

પછી ગુરુપુત્રને શોધતા શોધતા એ યમપુરીમાં ગયા યમરાજાને પગે પડીને એમણે બધી વાત કહી સંભળાવી. કૃષ્ણની આવી ગુરુભક્તિ જોઈને યમરાજ ખુશ થયા. એમણે કૃષ્ણને ગુરુપુત્ર આપ્યો.

ગુરુપુત્રને લઈને શ્રી કૃષ્ણ ગુરુજીની પાસે આવી પહોંચ્યા. એ ગુરુને ચરણે પડ્યા, ને ગુરુજીને પુત્ર સોંપ્યો.

ગુરુજીના આનંદનો પાર ન રહ્યો. ગુરુપત્નીની આંખે તો હરખનાં આંસુ આવ્યાં. ગુરુના આશીર્વાદથી શ્રીકૃષ્ણ અદ્‌ભુત કાર્યો કરી શક્યા ને આજે ય ભગવાન તરીકે પૂજાય છે.

## ૯ : ગિરિમાંથી પંડિત !

**મલબારમાં** પૂર્ણાનદીને કિનારે એક પવિત્ર અને રમણીય સ્થળ હતું. ત્યાં મહાદેવનું મંદિર હતુ. શિવગુરુ નામના સર્વ શાસ્ત્રના જાણનાર એક બ્રાહ્મણ ત્યાં રહેતા હતા. એ મહાદેવની પૂજા કરતા. એમને ત્યાં એક તેજસ્વી પુત્રનો જન્મ થયો. સાત વર્ષની ઉંમરે તો એમણે ચારેય વેદ અને બધાં શાસ્ત્રોનો અભ્યાસ કરી નાખ્યો હતો, એવા એ મહાજ્ઞાની હતા. આખા હિંદમાં એમણે જયડંકો વગાડ્યો હતો. એમનું નામ શંકરાચાર્ય હતું. લોકોએ એમને જગદ્‌ગુરુનું પદ આપ્યું હતું.

એમને ત્યાં ઘણા શિષ્યો ભણતા હતા. તેમાં ય મુખ્ય ચાર શિષ્યો હતા. તેમાંના એક શિષ્યની આપણે વાત કરીએ. એ શિષ્યનું નામ ગિરિ હતું.

ગિરિમાં બ્રહ્મચર્યનું તેજ હતું. છતા એ બુદ્ધિમાં કંઈક મંદ હતો. પણ એટલું ખરૂં, કે ગુરુ શંકરાચાર્યની સેવા કરવામાં એ બહુ જ આતુર રહેતો. બીજાં કામ પડતાં મૂકીને ય એ એકનિષ્ઠાથી ગુરુની સેવા કરે. એનો ભક્તિભાવ પણ જબરો હતો.



સવારનો પહોર હતો. પૂર્વ દિશામાં અવનવા રંગો પૂરાયા હતા. બધું વાતાવરણ શાન્ત ને સુંદર હતું. શિષ્યોને અધ્યયન કરવાનો એ સમય હતો.

આ વખતે ગિરિ ગુરુનાં વસ્ત્રો ધોવાને નદીએ ગયો હતો. બીજા શિષ્યો ભણવાને આતુર થયા હતા.

એક શિષ્ય બોલ્યો, “ગુરુજી, નવો પાઠ આપવાનો શરૂ કરોને.”

ગુરુ કહે, “ભાઈ ગિરિ જરા નદીએ ગયો છે. એ આવે એટલે આપણે આજનું કામ શરૂ કરીએ.”

ત્યાં પદ્મપાદ નામનો વિદ્યાર્થી જરા અભિમાનપૂર્વક બોલવા લાગ્યો, “ગુરુજી, એ મંદ બુદ્ધિવાળો છે. એને શાસ્ત્રમાં કાંઈ સમજ પડવાની નથી. પછી શા માટે એની વાટ જોઈને બેસી રહેવું ? એ તો એવું પરચુરણ કામ જ કરી જાણે.”

શંકરાચાર્યને મનમાં થયું, “એ બિચારો તનતોડ મહેનત કરીને સેવા કરે છે; છતાંય શિષ્યોને એની કાંઈ કિમ્મત નથી. ભગવદી સરસ્વતીદેવી એના મુખે વસે તો આ બધાય શિષ્યોનાં મુખ બંધ થઈ જાય.” આમ ગુરુએ એ શિષ્યને માટે અંતરના ભાવ ઠાલવ્યા.

અને ખરે જ, બન્યું પણ એવું જ. ગિરિ નદીએથી આવ્યો. આવતાં આવતાં એ તોટકછંદ ગાતો હતો ! એ છંદોમાં આખા વેદાન્તનું જ્ઞાન સમાયેલું હતું ! તરત જ એણે

ગુરુને પ્રણામ કર્યા ને ભાવભરી પ્રાર્થના કરી.

બધા શિષ્યો તો મોંમાં આંગળ નાખીને આ બધું જોઈ જ રહ્યા. સૌના અચંબાનો પાર ન રહ્યો. એનું જ્ઞાન જોઈને સર્વનો ગર્વ ગળી ગયો.

ગુરુએ એને હસતે મુખે આશીર્વાદ આપ્યો. તે તોટકછંદમાં શ્લોકો બોલતો હતો તેથી તેનું નામ તોટકાચાર્ય પાડ્યું. પછી ગુરુએ એને પોતાનો મુખ્ય શિષ્ય ગણ્યો.



## ૧૦ : ભીલકુમાર

**દ્રોણગુરુ** બ્રાહ્મણ હતા. એ મહા વિદ્વાન ને તપસ્વી હતા. એમની બાણવિદ્યાને તો સૌ કોઈ ખરા અંતઃકરણથી વખાણે. આમ દ્રોણગુરુ જબરા બાણાવળી હતા. આથી જ તેમને હસ્તિનાપુરના રાજગુરુપદે સ્થાપ્યા હતા.

પાંડવ-કૌરવોનું રાજ્ય હસ્તિનાપુરમાં હતું. એ તો તમે જાણતા હશો. દ્રોણગુરુએ જ એમને ધનુર્વિદ્યામાં પારંગત બનાવ્યા હતા. અર્જુન એમનો પટ્ટશિષ્ય હતો. અર્જુન જેવો બીજો બાણાવળી ય નહિ.

ઘણા ય રાજકુમારો ને ઘણા ય યુવાનો બાણવિદ્યા શીખવા એમની પાસે આવે. બધાયને એ યથાશક્તિ વિદ્યા ભણાવે.

જંગલમાં એક ભીલકુમાર રહેતો હતો. એનું નામ એક એકલવ્ય હતું. એ ચપળ ને ટેકીલો હતો. હોશિયાર ને પાવરધો હતો. ભીલોનો એ રાજા. વનનોય એ રાજા.

ભીલકુમારને બાણવિદ્યા શીખવાનો વિચાર થયો. એ દ્રોણાચાર્ય પાસે ગયો. ભક્તિભાવથી એ દ્રોણગુરુને પગે લાગ્યો. પોતાનો બાણવિદ્યા શીખવાનો વિચાર એણે નમ્રભાવે ગુરુને જણાવ્યો. પછી બે હાથ જોડીને એ ઉભો રહ્યો.

દ્રોણગુરુ વિચાર કરવા લાગ્યા, “મેં રાજકુમારોને વિદ્યા ભણાવી, બીજાઓને ય વિદ્યા ભણાવી; પણ આ નીચ જાતિના ભીલને તે વિદ્યા કેમ ભણાવાય ?”

અન્તે એ કહે, “વત્સ, તને મારાથી વિદ્યા તો શીખવી શકાય એમ નથી; પણ હું તને મારો શિષ્ય ગણું છું. ઈશ્વરકૃપાએ બાણવિદ્યામાં તું કુશળ થઈશ, જા, મારો આશીર્વાદ છે. ”

ગુરુને ભક્તિભાવે નમન કરીને એકલવ્ય ચાલ્યો ગયો.

ભીલકુમારને બાણવિદ્યા શીખવાની ખરેખરી ઈચ્છા હતી; એટલે એણે વનમાં એકાન્તમાં એક ઝુંપડી બનાવી. ઝુંપડીમાં માટીનું ઉંચું આસન કર્યું. એના ઉપર એણે દ્રોણગુરુની મૂર્તિ બેસાડી. એકલવ્ય એકનિષ્ઠાથી એ મૂર્તિનું રોજ પૂજન કરે. ગુરુ ઉપર પૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ રાખે ને પછી બાણ છોડે. મૂર્તિને જ એ સાચા ગુરુ ગણવા લાગ્યો.

એમ કરતાં કરતાં એ બાણવિદ્યામાં ખૂબ આગળ વધ્યો. બાણ વાપરવાની કેટલીય નવી યુક્તિઓ એ શીખ્યો. એ જરાય આળસ ન કરે. વિદ્યા શીખવા એ તનતોડ મહેનત કરે. ગુરુના ઉપરની એની શ્રદ્ધા ભક્તિ ય અડગ ને અપૂર્વ હતાં. છેવટે એ બાણવિદ્યામાં પાવરધો થઈ ગયો.

❀

એક દિવસ પાંડવ-કૌરવો મૃગયા રમવા નીકળ્યા. સાથે દ્રોણગુરુ હતા. બધા દૂર જંગલમાં પહોંચ્યા. શિકાર કરતાં કરતાં કોઈ આમ ગયા તો કોઈ તેમ ગયા. બધા વિખરાઈ ગયા.



દ્રોણાચાર્યની સાથે અર્જુન હતો. અર્જુનની સાથે એક જબરો કુતરો હતો. કુતરો જરા આગળ ચાલતો હતો. ચાલતાં ચાલતાં એ એકલવ્યના ઝુંપડા પાસે આવી પહોંચ્યો. એકલવ્યને જોતાં જ એ ભસવા લાગ્યો.

કુતરાના ભસવાથી એકલવ્યની શાન્તિમાં ભંગ પડ્યો. એની બાણસાધનામાં ખલેલ પહોંચ્યું, ને એ ખીજવાયો. તરત જ એણે ધનુષ્યની પણછ ખેંચી, બાણ ચઢાવ્યું, નિશાન તાક્યું; ને બાણ છોડ્યું. બાણ તો બરાબર કુતરાના મોંમાં પેસી ગયું. પછી એણે બીજું, ત્રીજું ને ચોથું એમ ઉપરાઉપરી બાણ મારીને કુતરાનું આખું મોં બાણથી જ ભરી દીધું ! હવે કુતરો ભસતો બંધ થયો ને વાતવરણ શાન્ત બન્યું.

પેલો કુતરો ગભરાયો. અર્જુનને શોધતો એ તો જા…ય નાઠો… અર્જુને એને જોયો. એનું આખું મોં બાણથી ભરાએલું જોઈને એના અચંબાનો પાર ન રહ્યો. એને થયું, “આ બાણવળી જબરો લાગે છે ! શું એનું કામ છે ? એના ગુરુને ય ધન્ય છે !”

અર્જુન પોતાને જબરો બાણાવળી ધારતો હતો; પણ આ કાર્ય જોઈને એનો ગર્વ ગળી ગયો. બાણ મારનારને જોવાનું એને મન થયું. કુતરો જે બાજુથી આવ્યો હતો તે તરફ તેમણે ચાલવા માંડ્યું. કુતરોય રસ્તો બતાવતો આગળ ચાલ્યો. છેવટે તેઓ એકલવ્યની ઝુંપડી પાસે જઈ પહોંચ્યા.

દ્રોણગુરુને જોતાં જ એકલવ્ય બધું કામ પડતું મૂકીને

ગુરુ તરફ દોડ્યો. એણે એનાં ધનુષબાણ ગુરુના પગ આગળ મૂકી દીધાં, ને હેતથી ગુરુને પ્રણામ કર્યાં. એ તો હર્ષઘેલો થઈ ગયો.

બહુ વખત થઈ ગએલો એટલે ગુરુ એને બરાબર ઓળખી શક્યા નહિ. એટલે એ કહેવા લાગ્યા, ‘‘ભીલકુમાર, તું કોણ છે ? આ વિદ્યા તું કોની પાસેથી શીખ્યો ?’’

ભીલકુમાર કહે, ‘‘ભગવાન, આપ જ મારા ગુરુ છો. હું જે કંઈ શીખ્યો છું તે આપના આશીર્વાદથી જ શીખ્યો છું.’’

આ સાંભળતાં જ અર્જુન દ્રોણાચાર્ય ઉપર ખૂબ ચીઢાયો. એના મનમાં વિચારો ધોળાતા હતા, કે ‘‘ગુરુ તો મને કહેતા હતા કે મેં તારા વિના કોઈને ભારે બાણવિદ્યા શીખવી નથી. તારા જેવો બીજો કોઈ બાણાવળી નથી, તે આ હું શું જોઉં છું ? મારી વિદ્યા આની આગળ શી વિસાતમાં છે ?’’

અર્જુનના મનની વાત ગુરુ સમજી ગયા.

એકલવ્યની વાત સાંભળીને દ્રોણગુરુ વિચારમાં પડ્યા હતા. છેવટે એમને જુની વાત યાદ આવી. એ કહે, ‘‘ભીલકુમાર, ખરો, ખરો, તું મારો શિષ્ય ખરો.’’

પછી એકલવ્ય એમને પોતાની ઝુંપડીએ લઈ ગયો. મૃગચર્મ પાથરીને ઉંચા આસને તેમને બેસાડ્યા.

ભીલકુમારની ઝુંપડી ય સુંદર હતી. એ ય સુંદર ફૂલોની વેલ ઝુંપડી ઉપર ચઢેલી ને સામે નાનું વટવૃક્ષ. આજુબાજુએ નાના છોડવા ઉપર રંગબેરંગી ફૂલોય ખીલેલાં. બધું રળિયામણું રળિયામણું લાગે.



પછી એકલવ્યે ગુરુજીનું યથાવિધિ ને યથામતિ પૂજન કર્યું. સામે ફળફળાદિ મૂક્યાં, ને પછી ઘુંટણીએ પડીને પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યો : ‘‘ગુરુ મહારાજ, આપની કૃપાથી હું કંઈક બાણવિદ્યા શીખ્યો છું. આપનો હું ઋણી છું. અપની ઉદારતા ને માયાળુપણા માટે હું આપનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. ’’

ગુરુ પ્રસન્ન થયા. એ કહે, ‘‘કુમાર, તારા હેતભાવ જોઈને હું પ્રસન્ન થયો છું. તારી બાણવિદ્યા જોઈને મને સંતોષ થયો છે. તું મારો શિષ્ય છે. તારી ધનુર્વિદ્યા હવે પૂર્ણ થઈ છે. હવે તો માત્ર ગુરુદક્ષિણા બાકી રહી.’’

તરત જ એકલવ્ય કહેવા લાગ્યો, ‘‘ગુરુજી, આજ્ઞા કરો. ગુરુદક્ષિણામાં આપ કહેશો તે આપવા આ શિષ્ય તૈયાર છે. બોલો, આપને શાની ઈચ્છા છે. આપ જેવા સમર્થ ગુરુથી મારે શું વધારે છે ? આપનું ઋણ તો મારાથી ફેડી શકાય તેમ નથી.’’

છેવટે ગુરુ કહે, ‘‘તો કુમાર, ગુરુદક્ષિણામાં મારે ફક્ત તારો જમણો અંગુંઠો જ જોઈએ છીએ. અંગુઠો જવાથી તારી શી દશા થશે તેની તને ખબર છે ? પછી તારાથી ધનુષ્ય વાપરી શકાશે નહિ, ને તારી બધી ય બાણવિદ્યા અફળ જશે.’’

‘‘ઓ હો ! ગુરુજી, એમાં આપે શું માગ્યું ? આપનાથી મારી વિદ્યા કાંઈ વધારે નથી. એ વિદ્યા તો આપની જ છે. આપની વિદ્યા આપને ચરણે ધરતાં આ શિષ્યને સંકોચ શાનો ? આપે પ્રાણ માગ્યો હોત તો યે શું ?’’

હસતે મુખડે આમ કહેતાં કહેતાં એકલવ્યે કમરેથી છરો કાઢયો. ગુરુના પગ આગળ જમણો હાથ રાખીને અંગુઠા ઉપર છરાનો ઘા કર્યો. છરો ઉંચો થયો ને અંગુઠા ઉપર લોહીની વૃષ્ટિ થઈ. નીચે નયને એણે અંગૂઠો ગુરુને ચરણે ધર્યો. આશીર્વાદ આપતો દ્રોણગુરુનો વરદ હસ્ત શિષ્યને શિરે થંભ્યો.

કહેશો ? ભીલકુમારની ગુરુદક્ષિણા કેવી ? એની ગુરુભક્તિ કેવી ?



## ૧૧ : ગુરુપ્રેમનો ચમત્કાર

**ઈ.સ.ના** આઠમા-નવમા સૈકામાં એક આચાર્ય થઈ ગયા. શૈવધર્મનો પાયો મજબુત કરનાર એ આચાર્ય - ગુરુ હતા. એમનું નામ શંકરાચાર્ય હતું.

એમના આશ્રમમાં ઘણા શિષ્યો વિદ્યાભ્યાસ કરવાને માટે આવતા. સઘળા શિષ્યો ગુરુના તરફ માન અને પ્રેમ રાખતા, અને ગુરુ કહે તે કરવાને તૈયાર રહેતા.

બધા શિષ્યો સવારમાં વહેલા ઉઠે. સ્નાન-સંધ્યાથી પરવારે ને પછી ગુરુ પાસે ભણવા બેસે.

‘‘ગુરુની હું સારી સેવા કરું છું.’’ એમ બતાવવાને સૌ કોઈ ઈચ્છતા. સૌ સૌથી બનતી સેવા કરતા ને આનંદે ભણતા.

એક દિવસ ગુરુને વિચાર થયો, ‘‘આમાં સૌથી વધારે ગુરુભક્ત કોણ છે ? તે તો હું જાણી જોઉં.’’

પ્રભાતનો પહોર હતો. સૂર્યદેવ ખીલતા હતા. ઠંડો મીઠો પવન વાતો હતો. મુગલાં-સસલાં આમતેમ ઠેકતાં હતાં. પંખીઓ ગીત ગાતાં હતાં. ઝાડ-પાન ડોલતાં હતાં. ગંગા નદીનાં નિર્મળ નીરે ય લહેરીઓ લેતાં હતાં. જગદ્‌ગુરુના

શિષ્યો નાવડીમાં બેસી, સામે કાંઠે જઈને મીઠી મોજ માણતા હતા.

ત્યાં તો આ બાજુએથી બૂમ સંભળાઈ, "દોડો, દોડો કોઈ છે કે નહિ ? જલદી આવો !" આમ ગુરુએ તક જોઈને શિષ્યોની પરીક્ષા કરવાને બૂમ પાડી.

સામે કાંઠે ઉભેલા શિષ્યોએ એ બૂમ સાંભળી. એ બધા હાંફળાહાંફળાં થઈ ગયા. કોઈ નાવડી લેવા નાઠું, તો કોઈ તરાપો તાણવા ગયું. કોઈને તરતાં આવડતું હોય તો જલદી જાય ને ! વળી એ તો ગંગાનદીનો પહોળો પટ, અને ઉંડા વેગવાળાં પાણી ! ત્યાં કોનું ચાલે ? વળી જીવ કોને વહાલો ન હોય ? બધા ગભરાયા. આ તો જીવ-સટોસટની વાત.

એટલામાં બીજી બૂમ સંભળાઈ, "એ કોણ આવ્યું ? કોઈ આવે છે કે નહિ ? ચાલો, ચાલો, દોડો, જલ્દી આવો."

પણ કોણ આવે ? સૌને જીવ વહાલો હતો. હવે શું થાય ?

અચાનક ગંગાજીનાં પાણીમાં ધબાકો થયો ! "શ્રી સદ્ગુરુવે નમઃ" કહીને એક સાચો શિષ્ય ગુરુને કાજે પાણીમાં પડ્યો. એણે પોતાના પ્રાણની પરવા ન કરી. બીજા શિષ્યો એને જોઈ રહ્યા. એ તો ધારતા હતા, કે આ, એ ગયો સમજો ! એ હમણાં ડૂબ્યો સમજો !

પણ એને ગુરુમાં પૂર્ણ શ્રદ્ધા હતી. એ ગુરુનું નામ સ્મરણ કરતો જાય ને આગળ આગળ વધતો જાય. છેવટે કોઈ ચમત્કારિક ને અજબ રીતે એ કિનારે આવી પહોંચ્યો.



ગુરુ પાસે જઈને એ ગુરુને ચરણે પડ્યો, ને પછી બોલ્યો, "ગુરુદેવ, આપની કૃપાથી શિષ્ય આપને ચરણે નમે છે. બોલો, શી આજ્ઞા છે ?"

ગુરુ કહે, "બેટા, તું બેસ તો ખરો. તારો હાંફ તો સમાતો નથી. જરા વિસામો તો લે. પછી તને કહું છું." શિષ્ય બેઠો.

થોડીવારમાં તો સામે કિનારેથી બીજા શિષ્યો ય તરાપામાં ને નાવડીમાં બેસીને ત્યાં આવી પહોંચ્યા. એ ય ગુરુને ચરણે પડ્યા. પછી એ કહેવા લાગ્યા, "ગુરુદેવ, શી આજ્ઞા છે."

ગુરુ કહે, "તમારે આવતાં વાર કેમ થઈ ?"

શિષ્યો કહે, "ગુરુજી, અમને કોઈને તરતાં આવડતું નથી, ને નાવડીનું ઠેકાણું નહોતું; એટલે અહીં આવતાં જરા વાર થઈ."

ગુરુ કહે, "ખરી વાત છે; પણ આ તમારો જ સાથીદાર અહીં કેવી રીતે આવી શક્યો ? એને તરતાં આવડે છે ?"

શિષ્યો કહેવા લાગ્યા, "ગુરુજી, એ અમે નથી જાણતા. એ કહે તો જાણીએ."

ગુરુની આજ્ઞાથી પેલો શિષ્ય કહેવા લાગ્યો, "ગુરુદેવ! આપનું નામસ્મરણ જ મને અહીં આણી શક્યું છે ! મને તરતાં નથી આવડતું; પણ આપની બૂમ સંભળાઈ એટલે આપનું નામ લઈને મેં જળમાં પડતું નાખ્યું. પછી તો જયાં મારો પગ પડે ત્યાં પાણીમાં મારા પગ નીચે કમળ આવવા

લાગ્યાં. રામના નામે પથ્થર તર્યા હતા, તેમ આપના નામને પ્રતાપે ગંગામૈયાએ મહેર કરી; તેથી હું નદીનો આખો પટ કમળ ઉપર મગ મૂકીને વટાવી શક્યો ! તેથી જ હું અહીં આવવાને કંઈક ભાગ્યશાળી થઈ શક્યો.''

આબધું સાંભળતાં જ બધા શિષ્યોના આશ્ચર્યનો પાર ન રહ્યો. સૌ પોતપોતાની જાતને ધિક્કારવા લાગ્યા.

વળી કમળને સંસ્કૃત ભાષમાં પદ્મ કહે છે. અને પદ્મ ઉપર પગ મૂકીને તે શિષ્ય,ગુરુ પાસે આવ્યો હતો તેથી તેનું નામ પદ્મપાદ રાખ્યું. (પદ્મ-કમળ અને પાદ-પગ). ગુરુ તેની ગુરુભક્તિઉપર ખુશ થયા ને તેને સારો આશીર્વાદ આપ્યો.

ગુરુ શંકરાચાર્યે તેને પણ પોતાનો એક મુખ્ય શિષ્ય બનાવ્યો છેવટે શંકરાચાર્યને મુખ્ય ચાર શિષ્યો હતા. એ ચારેય શિષ્યોને ગુરુએ સમસ્ત હિંદના ધર્મનું રક્ષણ કરવાને હિંદની ચારેય દિશાઓના દેશ વહેંચી આપ્યા; ને સર્વેને ત્યાંના ધર્માચાર્યો કરીને સ્થાપ્યા. આમ ગુરુની કૃપાથી પદ્મપાદ શિષ્ય મટીને પદ્મપાદાચાર્ય બન્યો, બ્રહ્મજ્ઞાન મેળવ્યું, ને જીવન સાર્થક કર્યું.

ધન્ય છે, એવી ગુરુ શિષ્યની જોડલી ને !



## ૧૨ : શિષ્યોને માથે તાલ !

**કાઠિયાવાડના** ઈશાવાળા ડુંગરમાં એક ગુફા હતી. ગુફા મોટી ને મજબૂત હતી. એમાં ધુંધળીમલ્લ નામનો એક બાવો રહે; પણ ગુફાની બહાર ન નીકળે એ ગુફામાં જ બેસીને તપ કર્યા કરે. ચેલા ભિક્ષા માંગી લાવે; ને બધા રસોઈ કરીને ખાય.

નજીકમાં જ વલ્લભિપુર નામનું એક મોટુ શહેર હતું. રોજ સવારમાં ચેલા ત્યાં ભિક્ષા માગવા જાય. ઘેરઘેર એ ફરી વળે; પણ એમને કોઈ ચપટી લોટેય ન આપે !

પણ આખું શહેર કાંઈ એવું હોય ? એક કુંભારણ ત્યાં રહે. એ બિચારી બહુ ભલી ને ધર્મિષ્ઠ હતી. એ એકલી ભિક્ષાની ના ન પાડે. રોજ એ એમને ચપટી ચપટી લોટ આપે. પણ એક ચપટી લોટથી કાંઈ બધાનું પૂરું ઓછું થય ? ચેલાઓ વિચારમાં પડ્યા, ''હવે કરવું શું ?''

અન્તે એમણે એ નિર્ણય કર્યો. એ શહેરમાં થઈને એ રોજ જંગલમાં જાય ત્યાંથી લાકડા કાપે. એને ચીરીને એના બરાબર ફાચરા કરે. એની ભારીઓ બાંધીને એને ગામમાં વેચી આવે. એ પૈસામાંથી લોટ લે. એના રોટલા કરે ને પછી બધા ખાય. આમ રોજ ચાલે. ગુરુ આમાંનું કાંઈ ન જાણે.

એક, બે, ત્રણ એમ કરતાં કરતાં બાર વર્ષ સુધી આવું ચાલ્યું. બિચારા ચેલા આખો દિવસ વૈતરૂં કરે. લાકડાં ઉંચકી ઉંચકીને એમના માથાના વાળેય ખરી પડ્યા ને માથે તાલ પડી. ગુરુજી એમની મેળે તપ કર્યા કરે; પણ એક દિવસ ગુરુજી ગુફામાંથી બહાર આવ્યા. ચેલા બહાર બેઠા બેઠા રસોઈ કરતા હતા. એમની નજર ચેલાઓનાં માથાં ઉપર પડી. એ કહેવા લાગ્યા, "અલ્યા, તમારા માથાના વાળ ક્યાં ગયા ?"

શિષ્યો શરમાઈ ગયા. એ લાગણીને વશ થતાં રડી પડ્યા. છેવટે એક શિષ્યે હૈયે હિંમત રાખીને કહ્યું, "પ્રભુ, બાર બાર વરસથી લાકડાં કાપીએ છીએ. તેને માથે મૂકીને શહેરમાં વેચવા જઈએ. છીએ. તેને લીધે આ તાલ પડી છે. એ તો દુઃખેય હોય, એમાં શું."

આ શબ્દો સાંભળતાં જ ધુંધળીમલ્લ ધૂઆપૂંઆ થઈ ગયા. એમના અચંબાનો ને ક્રોધનો પાર ન રહ્યો. એ કહેવા લાગ્યા, "શું વલ્લભિપુર આવું છે ? જોઉં છું, કાલે શું થાય છે "

બીજા દિવસનું સવાર થયું. લોકો સૌ કામધંધે વળગ્યા. આગળ ગુરુજી ને પાછળ ચેલા, એમ ભિક્ષા માટે ત્રીજે ઘેર ગયા, ચોથે ને પાંચમે ઘેરે ય ગયા; પણ એક ચપટી ય ન મળી. કોઈ કહે, "કામમાં છીએ." કોઈ કહે, "હમણાં નહિ." તો કોઈ કહે, "આ બાવા નવરા છે. સવાર પડી ને આ આવ્યા ! બીજો કામધંધો ય શો બળ્યો છે, એમને ? " તો કોઈ વળી કહે, "આ આવ્યા ! 'અહાલેક' કરતાં, કોણ એમને



ત્યાં ચોખા મૂકવા જાય છે ? શરમે ય ક્યાં છે જરા ! છે તો મારા કરતાં ય બમણા ને ગોળગટ !" આવું સાંભળતાં સાંભળતાં એ આખું ગામ ખૂંદી વળ્યા. પણ એકેય ચપટી ન મળી તે ન જ મળી.

પેલી ભલી કુંભારણનું ઘર આવ્યું. 'અહાલેક' કરીને એ ઉભા રહ્યા. કુંભારણ તો રોજની પેઠે ચપટી લોટ લઈને બહાર આવી. ગુરુ મહારાજને નમન કરીને એણે ભાવપૂર્વક ભિક્ષા આપી.

ગુરુ મહારાજ કહેવા લગ્યા, "ભલી બાઈ, તું એકલી જ આ ગામમાં ધર્મિષ્ઠ છે. તારે નાસવું હોય તો નાસજે. જે જે વસ્તુઓ જોઈએ તે તે તારી સાથે લેતી જજે. હમણાં જ હું આ શહેરને શાપ આપું છું. જોને મારા આ શિષ્યોના હાલ હવાલ ! પણ એક વાતનું જરા ધ્યાન રાખજે. નાસતાં નાસતાં તું પાછું વળીને જોઈશ નહિ. જોઈશ તો પથ્થર થઈને પડીશ."

બીચારી કુંભારણને બીજું શું લેવાનું હોય ? એ એના વહાલા ભત્રીજાને લેઈને ઉતાવળે પગલે ચાલી નીકળી. ક્રોધમાં ને ક્રોધમાં બાવાજીએ જમણી હથેળીમાં પાણીની અંજલિ લીધી ને બોલ્યા, "પટ્ટણ સો દટ્ટણ ને માયા સો મિટ્ટી" આમ બોલીને જ્યાં જળ મૂક્યું ત્યાં તો અખું શહેર ખરેખર દટાવા લાગ્યું. બધે ઉથલપાથલ, પડાપડી, ને તડાતડી થઈ રહી !

જતાં જતાં પેલી કુંભારણને થયું, "લાવ, જોઉં તો ખરી, પાછળ શું થાય છે" જ્યાં એ પાછું વળીને જુએ છે ત્યાં તો એ બન્નેય પથ્થર બની ગયાં !

## ૧૩ : કુમારપાળ

**સિધ્ધરાજ** જયસિંહને કાંઈ સંતાન ન હતું. પાટણની ગાદીનો હક ત્રિભુવનપાળ અને તેના પુત્ર કુમારપાળનો હતો. પણ આ વાત સિદ્ધરાજને ગમતી ન હતી. તેણે ત્રિભુવનપાળને મારી નંખાવ્યો. કુમારપાળને નાશ કરવાની એ યુક્તિઓ શોધતો હતો. આથી કુમારપાળના દુઃખનો પાર ન હતો.

આ અરસામાં કુમારપાળને જૈન ગુરુ હેમાચાર્ય મળ્યા. હેમાચાર્યનું જ્ઞાન અપાર હતું. એમની ધારણશક્તિ વિરલ હતી. એ કુમારપાળને કહેવા લાગ્યા, ''કુમારપાળ, હમણાં તું થોડું દુઃખ વેઠી લે. સંકટ સમયે ધીરજ રાખ. પાટણની ગાદી તારી જ છે.''

કુમારપાળ એમને ગુરુ તરીકે માનવા લાગ્યો. એને એમનામાં અતિશય શ્રદ્ધા બેસી ગઈ. સંકટ સમયે આશ્વાસનના શબ્દો કોને મીઠા ન લાગે ?

એક વખત સિધ્ધરાજના માણસો કુમારપાળને મારવાને માટે તેની પાછળ પડ્યા હતા. કુમારપાળ ખંભાતમાં હતો. હેમાચાર્યેય ત્યાં પોતાના ખંભાતના અપાસરામાં હતા. કુમારપાળની સ્થિતિ કફોડી હતી. દોડતો દોડતો એ



અપાસરામાં ગયો. એ કહેવા લાગ્યો ''ગુરુદેવ, આ શરીરનો બધો આધાર આપના ઉપર છે. મારી પાછળ સિધ્ધરાજના માણસો પડ્યા છે. મને સંતાડો ને બચાવો.''

હેમાચાર્યે તેને એક ભોંયરામાં સંતાડી દીધો. તેના ઉપર જૂનાં પુસ્તકો વગેરે મૂકી દીધું. સિધ્ધરાજના માણસો તપાસ કરીને ઢીલે મોંઢે ચાલ્યા ગયા. આમ કુમારપાળ બચ્યો.

સિધ્ધરાજ મરણ પામ્યો ને હેમાચાર્યની વાણી ફળી : સિધ્ધરાજ પછી કુમારપાળ ગાદીએ આવ્યો.

હવે કુમારપાળ કેમ ચૂકે ? તેના ઉપર ગુરુના ઘણા ઉપકારો હતા. ગુરુદક્ષિણામાં હેમાચાર્યનાં કહેવામાં આવતાં વચનો પાળવા માંડયા.

ગુરુના કહેવાથી એણે જૈન ધર્મ સ્વીકાર્યો. હેમાચાર્યને એણે રાજગુરુ ગણ્યા. તે વખતે થતા યજ્ઞોમાં માંસના બલિદાનો અપાતાં હતાં, તે તેણે બંધ કરાવ્યાં ને અહિંસા ધર્મનો પ્રચાર કર્યો.

## ૧૪ : લાહિનાની પરીક્ષા

**શીખ** ધર્મના સ્થાપનાર ગુરુ નાનક હતા. એ એક ચમત્કારી પુરુષ હતા. પોતાના પછી પુત્રને ગાદી ન મળે; પણ યોગ્ય શિષ્યને જ ગાદી મળે એમ તેઓ ઈચ્છતા હતા. એટલા માટે શિષ્યોની એ પરીક્ષા કરી જોતા હતા.

ગુરુ નાનકની ગાદી ઉપર એક મરેલો ઉંદર પડ્યો હતો. ગુરુએ એ જોયો. એમણે પોતાના પુત્રોને તે ઉઠાવી લેવાને માટે કહ્યું; પણ એમના પુત્રો એવા મરેલા ઉંદરને ઉઠાવે એવા ન હતા. એમણે નોકરને બૂમ પાડી ને આઘાપાછા થઈ ગયા.

પણ નાનકને એક લાહિના નામનો શિષ્ય હતો. તેણે આ વાત જાણી. ગુરુના કહેવાની ય વાટ નહિ જોતાં એણે એ ઉંદરને લીધો ને દૂર ફેંકી દીધો. ગુરુ પ્રસન્ન થયા.

ગુરુ નાનકની પાસે એક પથ્થરનો પ્યાલો હોત. પ્યાલો સુંદર હતો. એક દિવસે તે પ્યાલો એક કાદવવાળા ખાડામાં પડી ગયો. શિષ્યો એકબીજાના સામું જોવા લાગ્યા. કોઈ નોકરને બોલાવવા લાગ્યા, તો કોઈ ચિંતા કરવા લાગ્યા. પણ કાદવવાળા ખાડામાં પડવાની કોઈની હિંમત ચાલી નહિ.

શિષ્ય લાહીના આ બધું જોઈ રહ્યો હતો. એ બીજો કશો વિચાર કર્યા વિના ખાડામાં પડ્યો. એણે પોતાનાં કપડાં ય ન કાઢયાં, ને કાદવમાંથી પ્યાલો કાઢીને બહાર નીકળ્યો. પ્યાલો એણે ગુરુને ચરણે ધર્યો.



એક વખત ગુરુ નાનકે શિષ્યોની ખરેખરી પરીક્ષા કરવાનો વિચાર કર્યો. એ શિષ્યો સાથે બહાર ફરવા જવા નીકળ્યા. રસ્તામાં એક મરેલું પ્રાણી પડ્યું હતું. ગુરુએ એ જોયું.

ગુરુ નાનક કહેવા લાગ્યા, ‘‘તમારામાંથી કોઈ આના માંસને ખાઈ શકશો ?’’

ગુરુનું આવું બોલવું સાંભળીને સૌ વિચારમાં પડ્યા. કોઈ ચીઢીઆં કરીને બબડવા ય લાગ્યા : ‘‘ઘરડે ઘડપણ ગુરુની બુદ્ધિ બગડી લાગે છે !’’ કોઈ ગુરુનું કહેવું કરવાને તૈયાર ન હતું.

ફરીથી ગુરુએ એ જ પ્રમાણે કહ્યું; પણ કોઈ તૈયાર થાય તો ને ? ન કોઈ બોલે કે ચાલે ?

લાહિનાના તરફ ગુરુ નાનકની નજર ગઈ. લાહિના તો એ કામ કરવાને માટે તૈયાર જ હતો. એ તરત જ મરેલા પ્રાણી પાસે ગયો. જયાં લાહિના પ્રાણીનું માંસ લઈને ખાવા જાય છે ત્યાં એક ચમત્કાર બન્યો, ને બધાના અચંબાનો પાર ન રહ્યો. માંસની તો મિઠાઈ થઈ ગઈ હતી !

શિષ્યો ઝંખવાણા પડી ગયા. લાહિના ગુરુને પગે લાગ્યો.

આગળ જતાં નાનક પછી લાહિનાને ગાદી મળી. એનું નામ અંગદજી રાખ્યું. આમ એની ગુરુભક્તિ સફળ થઈ.

## ૧૫ : ભિક્ષામાં રાજપાટ !

**છત્રપતિ** શિવાજી મહારાજ ધર્મ રાજ્યના સ્થાપનાર હતા. સમર્થ સ્વામી રામદાસના એ પુત્રપુલ્ય શિષ્ય અને અનન્ય ભક્ત હતા.

માતા જીજીબાઈએ શિવાજીને દૂધની સાથે રામાયણ અને મહાભારતનું પાન કરાવ્યું હતું. સ્વામી રામદાસના બોધથી તો એ હિંદુપતના તારણહાર બન્યા.

શિવાજી મહારાજમાં મૂળથી જ ધર્મભાવન હતી. ભજન-કીર્તનમાં એ પુષ્કળ ભાગ લેતા. ભાવપૂર્વક એ ભજન-બોધ સાંભળીને મોડી રાતે ઘેર જતા.

એમના વખતમાં રંગનાથ સ્વામી, તુકારામબાવા ને રામદાસ સ્વામી એમ ત્રણ મુખ્ય ગુરુ હતા.

તુકરામબાવાના બોધથી એમના ઉપર બહુ સારી અસર થઈ હતી. એક વખત તુકારામે કીર્તનોની બડી ધૂન મચાવી. સાંભળનાર બધા ય દંગ થઈ ગયા. શિવાજી મહારાજમાં વૈરાગ્યની ભાવનાએ વાસો કર્યો. એમણે રાજપાટ ને સ્વરાજ્યની સાધના ત્યજીને ત્યાગી બનવાનો નિશ્ચય કર્યો. એ એકાન્તમાં રહેવા લાગ્યા; ને પ્રભુસ્મરણમાં દિવસો ગાળવા લાગ્યા.



શિવાજી મહારાજનો આ પલટો જોઈને સૌ કોઈ ગભરાયાં. માતા જીજીભાઈ તો તુકારામબાવા પાસે પહોંચ્યા. એમણે એમને બધી વાત સમજાવી, ને કર્મયોગ તરફ વાળવા તુકારામને વિનંતી કરી.

તુકારામબાવા કહે, ‘‘કાંઈ વાંધો નહિ. શિવાજીને મારામાં અડગ શ્રદ્ધા છે. એટલે એને હું કર્મયોગી બનાવીશ.’’

બીજે દિવસે શિવાજી તુકારામ પાસે ગયા. પ્રણામ કરીને એ બેઠા. તુકારામે એમને કર્મયોગનો સચોટ બોધ દીધો. એ ઘૂંટણ ઉપર ખડા થઈ ગયા. એમની ભાવનાઓ સતેજ થઈ. ગુરુનાં કહેવાથી એ ખરેખરા કર્મયોગી બન્યા.

ઈ.સ. ૧૬૪૯ માં તુકારામબાવાનું અવસાન થયું. ને શિવાજી મહારાજે એ ગુરુદેવ ગુમાવ્યા. એમના મુખ ઉપર શોક છવાયો. પોતાના જીવનનો માર્ગદર્શક જતાં એમને બધે અંધકાર દેખાયો. પણ એટલામાં એમને સમર્થ રામદાસનો ભેટો થયો. એમને એમણે ગુરુ તરીકે સ્થાપ્યા. આખા આર્યાવર્તમાં રામદાસ સ્વામીએ ૧૧૦૦ મઠ (વિદ્યાપીઠો) સ્થાપ્યા હતા.

ગુરુ રામદાસના બોધથી શિવાજીમાં અજબ ફેરફાર થયો. શિવાજીનું ક્ષાત્રતેજ ઝળહળી ઉઠ્યું. એમના આગળ એ રાજ્યને પણ તુચ્છ ગણવા લાગ્યા. બધો વખત રામદાસ પોતાના દરબારમાં જ રહે એવી એમની ઈચ્છા ય થઈ. પણ રામદાસે એમને સમજાવીને મનનું સમાધાન કર્યું; ત્યારથી એ એમના ખરેખરા શિષ્ય બન્યા.

રામદાસ સતારામાં હતા. એ ભિક્ષા માગવા નીકળ્યા હતા. એક આંગણામાં ભિક્ષાપાત્ર લઈને “મૈયા, ભિક્ષા દે” ના એ અવાજ કરતા હતા.

એટલામાં શિવાજી મહારાજે ગુરુને જોયા. એ ગળગળા થઈ ગયા. એમની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં. એ દોડ્યા. ગુરુનાં ચરણોમાં એ લેટી પડ્યા. નમ્રભાવે એ કહેવા લાગ્યા, “પ્રભુ, મારૂં આંગણું તો પાવન કરો.”

શિષ્યનો અપૂર્વ ભાવ જોઈને ગુરુ એમની સાથે ચાલ્યા. બન્ને શિવાજીને ત્યાં આવી પહોંચ્યા. શિવાજીએ એમનો આદરસત્કાર કરતાં, ગુરુના ભિક્ષાપાત્રમાં એક કાગળ મૂકયો.

ગુરુ કહેવા લાગ્યા, “શિવબા, આ શું ? મારે તો ભિક્ષા જોઈએ છીએ. હું ભૂખ્યો છું. મારે બે મૂઠી અનાજની જરૂર છે. આ તો કાગળનો ટુકડો છે ! ”

શિવાજી મહારાજ નીચું મુખ રાખીને કહેવા લાગ્યા, “ગુરુદેવ, મારી પાસે બીજું કાંઈ નથી. એ જે કાંઈ હતું તે યથાશક્તિ ધર્યું છે. ”

ગુરુએ કાગળ ઉઘાડ્યો, ને વાંચી જોયો. એમાં શિવાજી મહારાજે લખ્યું હતું, કે“હું આપનો નમ્ર સેવક છું. મારું આખું રાજ્ય હું આપને ચરણે અર્પણ કરૂં છું.”

કાગળ વાંચીને ગુરુ રામદાસ ખડખડાટ હસ્યા, એ કહેવા લાગ્યા, “વત્સ, તારૂં રાજ્ય તો તેં મને આપી દીધું; હવે તું શું કરશે ?”

શિવાજી કહે, “પ્રભુ, આપની સેવા કરીશ.”

ગુરુદેવ કહે, “તારાથી આ ભગવાં પહેરાશે ? આ ભિક્ષા પાત્ર લઈને ભિક્ષા મંગાશે ?”



જવાબમાં શિવાજીએ નમસ્કાર કર્યા ને બોલ્યા, “ગુરુજી આપની કૃપાથી હું બધું કરી શકીશ.”

રામદાસ સ્વામી ખુશ થયા. એ સ્નેહભરી નજરે જોઈ રહ્યા. પછી એ કહેવા લાગ્યા, “બેટા શિવ, તને આ ન શોભે ? હું તો સાધું છું. મારે તારૂં રાજ્ય શા કામનું ? રાજ્ય તો ક્ષત્રિયોને માટે. તું ક્ષત્રિય છે. તારો ધર્મ પ્રજાનું રક્ષણ કરવાનો છે. તારો ધર્મ સારી રીતે રાજ્ય ચલાવી ન્યાય વર્તાવવાનો છે. લે, આ રાજમુગટ પહેરી લે.”

શિવાજી મહારાજ કહે, “ગુરુજી, એ રાજ્ય ઉપર મારો હવે જરા પણ હક નથી. એ રાજ્ય હું આપને અર્પણ કરી ચૂકયો છું. હું તો હવે આપનો સેવક માત્ર છું. હવે તો આપને જે યોગ્ય લાગે તે કરો.”

રામદાસ કહે, “બરાબર છે.તો હું તને આજ્ઞા કરૂં છું કે ધર્મના સેવક તરીકે આ રાજ્યનો તું વહીવટ કરજે. લે આ પાદુકાઓને રાજ્યાસને પધરાવ ને મારા આ ભગવા વસ્ત્રનો રાજ્યધ્વજ બનાવ.”

શિવાજીએ ગુરુને નમન કરીને તેમની આજ્ઞાને માથે ચઢાવી. ભાવભર્યા નયનો એમણે નીચાં ઢાળ્યાં.

તે દિવસથી શિવાજી મહારાજે સ્વરાજ્યના ઝુંડાને સ્થાને ભગવો ઝુંડો સ્થાપ્યો, ને એ ઝુંડનો એ સેવક બન્યો !

આજેય એ ભગવો ઝુંડો શિવાજી મહારાજની અજબ ગુરુભક્તિ દર્શાવતો તમે ઝળહળતો જોશો.

## ૧૬ : વાઘણનું દૂધ

**એક** દિવસ રામદાસ સ્વામી બેઠા હતા. સવારનો પહોર હતો. વતાવરણ શાન્ત હતું. કેટલાક શિષ્યો ત્યાં બેઠા હતા. બીજા કેટલાક કામમાં રોકાયા હતા.

અચાનક રામદાસ સ્વામી અતિશય બૂમો પાડવા લાગ્યા. દર્દના દુઃખને લીધે એ સાધુ પુરુષ રડવા લાગ્યા.

શિવાજી મહારાજ ત્યાં થઈને જતા હતા. અને શિવાજી મહારાજ તો ગુરુ રામદાસના સાચા શિષ્ય હતા. એમનાથી એ રુદન સાંભળ્યું ન ગયું. દોડતા દોડતા એ ત્યાં ગયા, ને ગુરુની સેવા કરવામાં રોકાયા.

પણ એ દર્દ કાંઈ એમ મટે તેમ ન હતું. દર્દ તો વધતું જ ચાલ્યું. ગુરુ વધારે દુઃખી થવા લાગ્યા. શિવાજી મહારાજથી આ જોયું ન ગયું. એટલે એ પૂછવા લાગ્યા, ‘‘સ્વામીજી, આપના આ દર્દને શાન્તિ થાય એવો કોઈ ઉપાય હોય તો મને તે બતાવો. આ તો સહ્યું નથી જતું.’’

ગરુ રામદાસ કહે, ‘‘બેટા, ઉપાય છે; પણ એ થઈ શકે એમ નથી. અને કદાચ તે થઈ શકે તો ય જીવને જોખમે. હવે આ દેહનો મને બહુમોહ નથી રહ્યો. ભલે જે થવાનું હોય



તે થાય.’’

શિવાજી કહે, ‘‘ભગવન્ પણ એવો તે શો ઉપાય છે ? આપ જે કહો તે કરવાને માટે હું તૈયાર છું. આપના જીવન આગળ આ દેહ કાંઈ વિસાતમાં નથી.’’

ગુરુ કહે, ‘‘બેટા, શિવબા, એને જાણીને શો ફાયદો ? કોઈ વાઘણનું દૂધ લાવે તો આ દર્દની શાન્તિ થાય. પણ બેટા, એની કાંઈ જરૂર નથી.’’

શિવાજી કહે, ‘‘ભગવન્, આપની કૃપાથી હું જ એ દૂધને લાવવાનો પ્રયત્ન કરૂં. ’’ આમ બોલીને તરત જ એ વાઘણનું દૂધ માટે જંગલમાં જઈ ચઢ્યા. એ તો વાઘણની બોડ પાસે પહોંચ્યો વાઘણનાં બચ્ચાં ત્યાં રમતાં હતાં; પણ વાઘણ ન હતી. એટલે એ વાઘણીની આવવાની વાટ જોતાં ત્યાં ઉભા રહ્યા.

થોડીવાર થઈને વાઘણ ત્યાં આવી પહોંચી. દૂરથી જ શિવજીને જોઈને ઘૂરકી એ ઘૂરકીને કૂદી. જયાં એ શિવાજી મહારાજ ઉપર છલાંગ મારવા જાય છે ત્યાં તો એ શાન્તિથી સહેજ ખસી ગયા, ને પછી આત્મશ્રદ્ધા રાખીને એ બોલવા લાગ્યા, ‘‘મા, ગુરુના દુઃખ દૂર કરવાને દૂધ લેવા આવ્યો છું. તમે જરા વાર શાન્તિથી ઉભા રહો તો હું જલદી જલદી થોડું દૂધ દોહી લઉં. જરાક કૃપા કરો.’’

પ્રભુકૃપાથી કે ગુરુકૃપાથી જેમ કહો તેમ પણ એ

ખીજવાયેલી વાઘણ શાન્ત થઈ ગઈ ! શિવાજી મહારાજે થોડુંક દૂધ દોહી લીધું.

દૂધ લઈને એ તરત ગુરુ પાસે પહોંચ્યા; ને પ્રણામ કરીને ઉભા રહ્યા.

ગુરુ ખુશ થયા ને શિવાજી મહારાજને આશીર્વાદ આપ્યા.

ગુરુને કાજે છત્રપતિ શિવાજીએ જીવનું જોખમ ખેડ્યું !



## ૧૭ : કસોટીને પંથે

**રામદાસ** સ્વામીને એક વખત શિષ્યોની કસોટી કરવાનું મન થયું. એમણે પોતાને પગે એક પાકી કેરી બાંધી. થોડી વારે એ બૂમો પાડવા લાગ્યા. અરે, એમણે તો રડવાનું ય શરૂ કરી દીધું.

શિષ્યો ભેગા થઈ ગયા. સૌ પૂછવા લાગ્યા, ''શું થયું ? ગુરુજી કેમ બૂમો પાડે છે ? હમણાં તો એ આનંદમાં હતા !''

એટલામાં રામદાસ ઉતાવળે ઉતાવળે કહેવા લાગ્યા, ''હવે નહિ રહેવાય. આ ગૂમડાથી તો તોબા. આખો પગ ફાટી જાય છે. ખૂબ સણકા નાખે છે.''

આમ કહીને એમણે સૂતાં સૂતાં ઉશીકું નાખી દીધું, ને ઓઢવાનું આઘું કર્યું. દાંત દાબ્યા ને પગ પછાડ્યા. એ તો એમના ભગવા અંચળાને ય આમતેમ ખેંચવા લાગ્યા.

શિષ્યોએ ઘણા ઉપચારો કર્યા; પણ એનું નામ કાંઈ નહિ. છેવટે ગુરુ બોલવા લાગ્યા, ''આની પીડા તો અસહ્ય છે. હવે આ દેહ નહિ ટકે.''

બધા શિષ્યો ગભરાયા. એક શિષ્ય કહેવા લાગ્યો,

"ગુરુદેવ,પણ આ પીડાથી બચવાનો કોઈ ઉપાય છે ? એનો કાંઈ ઉપાય હોય તો બતાવશો ? "

ગુરુ કહે, "ભાઈ જવાદો ને એ બધી વાતો. આ રોગ જ ભયંકર છે. ઉપાય છે; તેય જીવલેણ છે. જો કોઈ આ ગૂમડાને ચૂસી લે તો દુઃખ દૂર થાય; પણ ચૂસનારનું મરણ થાય !"

સૌ એકબીજાના સામું જોવા લાગ્યા. સૌકોઈને સૌનો પોતાનો દેહ વહાલો તો હોય ને ?

કલ્યાણ નામનો એક શિષ્ય હતો. એ ખરેખરો ગુરુભક્ત હતો. એ ઉભો થયો ને ગુરુ પાસે પહોંચ્યો. એ બોલવા લાગ્યો, "ગુરુદેવ, આપના દેહ કરતાં આ દેહની કિંમત કાંઈ વધારે નથી. આપ મને આ ગૂમડું ચૂસવાની આજ્ઞા આપો."

ગુરુ રામદાસ કહે, "ભાઈ, રહેવા દે ને હવે. શા માટે આ તારા ખીલતા દેહને કરમાવે છે ? જીવનનો કોઈ બીજા કામમાં જ સદુપયોગ કરજે ને ?"

શિષ્ય કહેવા લાગ્યો, "ગુરુદેવ, આપને અર્થે આ દેહ પડે એમાં જ હું મારા દેહનો સદુપયોગ થએલો માનું છું. આપ મને આજ્ઞા આપો એટલે બસ."

ગુરુની આજ્ઞા મળતાં જ કલ્યાણ ગૂમડું ચૂસવા લાગ્યો. એને એમાં મઝા પડવા લાગી. એ હસતાં હસતાં આખુંય ગૂમડું ચૂસી ગયો. પછી પ્રણામ કરીને એ એક બાજુ બેઠો.

બધા શિષ્યો જોઈ રહ્યા હતા. કલ્યાણને કાંઈ ન થયું !



બધા વિચારમાં પડ્યા : "આ શું ?"

છેવટે હસતાં હસતાં ગુરુએ કહ્યું, "આ ગૂમડું નહોતું; પણ પાકેલી કેરી હતી. કલ્યાણે એ પાકેલી કેરી ચૂસી છે. મેં તો તમારી કસોટીને અર્થે આ ખેલ કર્યો હતો."

બધા શિષ્યો શરમાઈ ગયા. એ વિચારમાં પડ્યા.

આમ કલ્યાણ કસોટીમાંથી પાર ઉતર્યો કહેશો ? કલ્યાણ કેવો શિષ્ય ?

## ૧૮ : નદીનાં પૂરમાં !

**ચોમાસાના** દિવસો હતા. નદીઓમાં પૂર આવેલાં. કોવલા નદીમાંય ભારે પૂર આવેલું. રામદાસ સ્વામી એ નદીએ નાહવા ગયા. સ્વામીજીને તરતાં આવડતું હતું. એટલે એ પાણીમાં પડ્યા.

પણ પૂરનો જોશ અતિશય હતો. પાણીમાં એક મોટા વમળમાં રામદાસ સ્વામી તણાયા, ને ડૂબવા લાગ્યા.

કાંઠે ઉભેલા બધા બૂમો પાડવા લાગ્યા. પણ નદીમાં પડવાની કોઈની હિંમત ન ચાલી. સ્વામીજી તો હવે દેખાતા ય બંધ થઈ ગયા.

પાછળથી કેટલાક ગુરુભક્તો નાવડી લઈને નદીમાં પડ્યા. ચારે પાસ તપાસ કરી; પણ સ્વામીજીનો દેહ ન મળ્યો તે ન જ મળ્યો.

કલ્યાણને ને બીજા શિષ્યોને આ વાતની ખબર પડી. એય ત્યાં દોડી આવ્યા. એમણે પાણીમાં ફરીથી તપાસ કરવાનું નક્કી કર્યું. પણ પેલા લોકો કહેવા લાગ્યા, ‘‘અમે ખૂબ તપાસ કરી છે. હવે એનું નામ કાંઈ નહિ !’’

પણ ગુરુભક્ત કલ્યાણ કાંઈ એમ ઝાલ્યો રહે ? એને



થયું, ‘‘હવે ગુરુ વિના જીવીને ય શું કામ છે ? જે થશે તે ખરૂં. લાવને તપાસ તો કરૂં.’’ આમ વિચાર કરીને લોકોના ના કહેવા છતાં ય એ પાણીમાં પડ્યો. એણે કેટલીય ડૂબકીઓ મારી. એ તો ઊંડા ઊંડા પાણીમાં ગયો.

કાંઠે ઉભેલો લોકો જોઈ રહ્યા હતા. એમને હવે કલ્યાણની લાગણી થતી હતી : ‘‘આ તો ગુરુ સાથે કલ્યાણેય ડૂબી મૂઓ !’’ નદીનાં પાણી તરફ જોઈ જોઈનેય બધા કંટાળ્યા.

પણ આ શું ? બધા ‘સમર્થ ગુરુની જય’ બોલતા હતા ! કલ્યાણ રામદાસ સ્વામીને લઈને જળ ઉપર દેખાયો ! ગુરુ ધ્યાનમાં હતા. ગુરુને લઈને કલ્યાણ કિનારે આવ્યો. સૌના આનંદનો પાર ન રહ્યો.

ગુરુ ધ્યાનમાંથી જાગ્યા. એમણે કલ્યાણના સામું જોયું. પછી તેમણે ભાવભરી વાણીમાં કહ્યું. ‘‘કલ્યાણ, ધન્ય છે, બેટા ! તારૂં કલ્યાણ નામ સાર્થક છે. તારૂં કલ્યાણ થાવ.’’

લોકોએ ય એ ગુરુભક્ત કલ્યાણનાં વખાણ કરવામાં કાંઈ બાકી ન રાખ્યું ! કલ્યાણ તે કલ્યાણ જ હતો !

## ૧૯ : ભોળાનાથની ગુરભક્તિ

**રામદાસ સ્વામી** મહા સમર્થ ગુરુ હતા. એમને ઘણા શિષ્યો હતા. ભોળાનાથ* નામનો એક શિષ્ય એમને બહુ વહાલો. એની ગુરુભક્તિ અપાર હતી. એ એમની સાચી સેવા કરતો. રામદાસ સ્વામી ય એના ઉપર બહુ વિશ્વાસ ને હેત રાખે. ખાસ કામ એ ભોળાનાથને જ સોંપતા. ભોળાનાથ બધાં કામ તરત જ કરતો.

ગુરુ રામદાસ ઘરડા થયા હતા. એમના મોંઢામાં દાંત ન હતા. એમનાથી સારી રીતે ચાવી શકાતું ય ન હતું. જમ્યા પછી એમને પાન ખાવાની ટેવ હતી; એટલે પાન બનાવીને તેને વટવાનું કામ ગુરુએ ભોળાનાથને જ સોંપ્યું હતું. ભોળાનાથ વખતસર બનાવીને પાનને તૈયાર રાખતો. નાના સરખા ખલમાં પાન ગુરુજીને વાટીને એ આપતો. ગુરુજી એ પાન હેતથી ખાતા ને આશિષ દેતા.

ભોળાનાથ ઉપરનો ગુરુજીનો અતિશય પ્રેમ જોઈને બીજા શિષ્યોને એની અદેખાઈ આવવા લાગી. બધા ય તેમનો પ્રેમ ઘટાડવાની યુક્તિઓ શોધવા લાગ્યા.

* ભોળાનાથનું 'કલ્યાણ' નામ હોવાનું પણ જણાયછે.



ઈર્ષાને લીધે શિષ્યોએ એક દિવસ પાન વાટવાના એ ખલને એવી રીતે સંતાડી દીધો કે કોઈને એ જડે જ નહિ.

સ્વામીજી જમવા બેઠા.ભોળાનાથ પાન બનાવવાની સર્વ સામગ્રી લાવીને પાન બનાવવા બેઠો. એટલામાં સ્વામીજી જમી રહ્યા, ને ભોળાનાથ પાન બનાવી રહ્યો. પણ હવે પાનને વાટવું શેમાં ? રોજની મૂકવાની જગ્યાએ એ ખલને શોધી વળ્યો. પણ ખલ ત્યાં હોય તો જડે ને ! એ બિચારો નિરાશ થયો. આમતેમ જોયું પણ ખલ ન જડ્યો તે ન જ જડ્યો. જો તે ખલને તે બહુ ખોળવા જાય તો વખત પણ બહુ જાય ને ગુરુજીને પાન અપવામાં ઢીલ થાય. આથી ગુરુજીની લાગણી દુઃખાય ને પોતે દોષિત થાય તે તો જુદું.

સમયસૂચકતા વાપરીને ભોળાનાથે પાનને પોતાના ધોતીઆના છેડામાં મૂક્યું. પછી મોંઢામાં એનો ડૂચો ઘાલીને પાનને ચાવ્યું. ચાવેલું પાન એણે આબાદ રીતે ગુરુને આપ્યું. તરત જ ગુરુ એ પાનને હેતથી ખાઈ ગયા.

શિષ્યોએ પોતાની ખારીલી વૃત્તિને જરા વધારે સતેજ કરી. એમણે સ્હેજ મીઠું-મરચું ભભરાવીને આ વાતને શિવાજી મહારાજને કહી. આથી એ ય વિચારમાં પડ્યા.

સ્વમીજી નિયમ પ્રમાણે શિવાજી મહારાજના દરબારમાં આવ્યા. શિવાજીએ એમને એ વાત કહી સંભળાવી. પણ રામદાસ સ્વામી એમ કાંઈ ઓછા માને તેવા હતા ! એમને ભક્તિભાવભર્યા ભોળાનાથ ઉપર સંપુર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. એટલે એ ભોળાનાથમાં આવો દોષ જુએ જ નહિ.

છેવટે શિવાજી મહારાજ કહેવા લાગ્યા, ''મહારાજ, જો એમ જ હોય તો પાન વાટવાના સાધન (ખલ) સાથે ભોળાનાથને અહીં જ બોલાવો, એટલે બધું તરત સમજાશે.''

ભોળાનાથને બોલાવવાને માટે મહારાજે તરત સિપાઈને મોકલ્યો સિપાઈએ ભોળાનાથને બધી વાત કહી દીધી.

કંઈક વિચાર કરીને ભોળાનાથ કહેવા લાગ્યો, ''ભાઈ, એ વાટવાનું સાધન લઈને મારાથી ત્યાં જીવતા નહિ આવી શકાય. હું તને જ આપું તે લઈ જઈને તું શિવાજી મહારાજને કહેજે કે આના વડે ભોળાનાથે પાન વાટ્યું હતું.''

આમ કહીને ભોળાનાથે સિપાઈના હાથમાંથી તલવાર લીધી. ચકચકતી તલવાર એણે મ્યાનમાંથી બહાર કાઢી. પછી જોરથી ઉગામીને પોતાનું મસ્તક તેના વડે તેમણે ધડથી જુદું કર્યું ! મસ્તક સિપાઈને આપ્યું !

પેલા સિપાઈના અચંબાનો પાર ન રહ્યો. એ બિચારો એ લોહી ટપકતા મસ્તકને લઈને દોડતો દોડતો દરબારમાં ગયો. એણે શિવાજી મહારાજને ભોળાનાથનું મસ્તક આપ્યું. પછી અતિશય ગભરાટથી એણે ભોળાનાથના કહ્યા પ્રમાણે કહ્યું.

સમર્થ રામદાસ સ્વામી પોતાના પ્યારા શિષ્યનું મસ્તક ન જોઈ શક્યા ! એ મસ્તક જોતાં જ એ બેભાન થઈ ગયા.

થોડીવારે સ્વામીજી ભાનમાં આવ્યા. એ બેઠા થયા. એમણે ભોળાનાથનું ધડ મંગાવ્યું. પછી ધડ ને મસ્તકને બરાબર



ગોઠવ્યા; ને પછી એમણે હથેળીમાં અંજલિ લીધી. એ નયનો ઢાળીને બોલવા લાગ્યાા, ''હે પરમાત્મન્ ! જો ભોળાનાથે એકનિષ્ઠાથી મારા તરફ પૂર્ણ પ્રેમ રાખીને મારી સેવા ઉઠાવી હોય તો એ જીવતો થજો !''

આમ બોલીને તેમણે કોઈ અપૂર્વ બળપૂર્વક એ શબ ઉપર પાણી છાંટ્યું. ભોળાનાથ જીવતો થયો ! બધી સભા એ જોઈને દંગ થઈ ગઈ. સૌનો હરખ તો માય નહિ.

ભોળાનાથે સ્વામીજીને ભાવભર્યા પ્રણામ કર્યાં.

પછી રામદાસ સ્વામી ગળગળે અવાજે બોલ્યા, ''બેટા, ભોળાનાથ, ધન્ય છે, તારી એકનિષ્ઠાને ! તારી ગુરુભક્તિને; ને તારા સમર્પણને. શિષ્યો હોય તો આવા હજો.''

## ૨૦ : "ચમત્કાર ત્યાં નમસ્કાર"

**રામદાસ** ગુરુના બીજા એક શિષ્યની આ વાત છે. તમારા જેવડાં જ - બહુ નાના છોકરાઓના પરાક્રમની આ વાત છે.

એક દિવસ ગુરુ આશ્રમમાં બેઠા હતા. બીજા શિષ્યો ય બેઠા હતા. ઠંડી-મીઠી વાતો ચાલતી હતી. આશ્રમનાં પ્રાણીઓ આમતેમ ઠેકતાં હતાં.

એટલામાં એક બાઈ પોતાના બાળકને લઈને ગુરુનાં દર્શન કરવાને આવી. એણે ગુરુનાં દર્શન કર્યાં; પણ પેલો બાળક તો એમને એમ ઉભો જ રહ્યો. એણે નમન ન કર્યું.

આથી માએ કહ્યું ; "બેટા, ગુરુને નમન કર."

બાળક કહે, "મા, હું શું કરવા એમને નમન કરૂં ? નમન કરૂં તો એ મને શું આપશે ?"

ગુરુ રામદાસ બાળકના બોલ સાંભળીને હસવા લાગ્યા. સૌ એક બીજા સામું જોવા લાગ્યા. તરત ગુરુ હેતથી બોલ્યા, "જો હું કહું તેમ તું કરે તો તને કંઈક નવું નવું આપું." આ દુનિયાના લોકોને અતિશય મહેનત કરવા છતાં પણ જે મળતું નથી તે હું તને આપું. બોલ, કરશે ?"



બાળક કહે, "હા, તો તો આપનો હુકમ પાળવાને તૈયાર છું."

"જા ત્યારે, પેલા કૂવામાં જઈને પડ." ગુરુએ આજ્ઞા કરી.

બાળકનામાં હવે કંઈક નવીન જ જાતનો ફેરફાર થયો હતો. એ કોઈ જાતનો વિચાર કરવાને ઉભો જ ન રહ્યો ને કૂવા તરફ દોડ્યો. એ કૂવામાં પડ્યો !

કૂવો ઊંડો હતો. સૌ અવાક્ થઈ ગયાં.

પેલો બાળક કૂવામાં પડ્યો કે તરત તેણે કૂવામાં રામદાસ સ્વામીને જોયા. એમણે એને ઝીલી લીધો હોય એવું એને લાગ્યું. ખરેખર એને ત્યાં સાચા સુખનો અનુભવ થયો.

જોનાર સૌ કૂવા તરફ દોડયું. કૂવામાં જુએ છે તો બાળક ઝાડના મૂળને ઝાલીને ઉભેલો દેખાયો. તરત જે એને બહાર કાઢ્યો.

બાળક દોડતો દોડતો ગુરુ પાસે ગયો. એણે એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં; ને એ કહેવા લાગ્યો, "ગુરુદેવ, હવે મને આપનો જ શિષ્ય ગણીને આપની જ પાસે રાખો."

આમ ગુરુ રામદાસની કસોટીમાંથી એ પસાર થયો. ગુરુએ એને પોતાનો શિષ્ય કરીને રખ્યો.

એ શિષ્યનું નામ ઉદ્ધવ હતું.

## ૨૧ : વેદોનો ઉદ્ધારક

**કાઠિયાવાડના** ટંકારા ગામમાં એક બાળકનો જન્મ થયો. એમનું નામ મૂળશંકર હતું. ઈ.સ. ૧૮૨૪ ની આ વાત છે.

એમના પિતાની ઈચ્છા એમને પરણાવવાની હતી. પણ એમની ઈચ્છા બ્રહ્મચર્ય પાળવાની હતી. એટલે ૧૬ વર્ષની ઉંમરે એમણે ઘરનો ત્યાગ કર્યો. એ સાચા ગુરુની શોધમાં નીકળી પડ્યા. પાછળથી એમનું નામ દયાનંદ સરસ્વતી પડ્યું.

૧૨ વર્ષ સુધી એમણે હિંદનાં તીર્થક્ષેત્રોની ઉઘાડે પગે યાત્રા કરી. છેવટે એ મથુરામાં ગયા. ત્યાં એક વિરજાનંદ નામના પંજાબી સંન્યાસીનો એમને ભેટો થયો. સંન્યાસી મહારાજ આંખોએ તો અંધ હતા; પણ એ મહા સમર્થ ને જ્ઞાની હતા.

દયાનંદને આ સ્વામીમાં શ્રદ્ધા બેઠી. એમણે એમને ગુરુ માન્યા. ગુરુએ દયાનંદને કહ્યું, ''દયાનંદ, તારી પાસે જે જે પુસ્તકો હોય તે બધાંને તું યમુનામાં નાખી દે.''



ગુરુની આજ્ઞા થતાં જ એમણે એકનિષ્ઠાથી બધાં પુસ્તકોને યમુનામાં પધરાવ્યાં. પછી એ એમની એકદિલથી સેવા કરવા લાગ્યા. અતિશય દુઃખો વેઠીને એમની પાસે એમણે અઢી વર્ષ સુધી અભ્યાસ કર્યો. ગુરુ એમને કેટલીક વખત મારતા. દયાનંદ એ બધું સહન કરતા. કેટલીક વાર એ ગુરુજીને કહેતા, ''ગુરુજી, આ શરીર તો મૂઢ છે. એ આપના મારને જ યોગ્ય છે; પણ આપના હાથને કાંઈ ઈજા ન થા એ સાચવશો. '' આમ વિદ્યા પ્રાપ્ત કરવાની તેમને તીવ્ર ઈચ્છા હતી.

ગુરુએ એમને બતાવી આપ્યું, કે સાચો હિન્દુ ધર્મ વેદ અને એવા બીજા સંસ્કૃત ગ્રંથોમાં છે.

અભ્યાસ પૂર્ણ થયો. ગુરુએ શિષ્યથી છૂટા પડતાં ગુરુ દક્ષિણા માગી. દયાનંદ એ આપવાને તૈયાર થયા.

ગુરુ કહે, ''વત્સ, ગુરુદક્ષિણામાં હું એટલું જ માગું છું કે લોકોને સમજાવજે - ઈશ્વર એક છે. સાચો ધર્મ વેદાભ્યાસ કરવાથી સમજાશે. આ રીતે તું વેદોનો ઉદ્ધાર કર. જા, ફત્તેહ કર.''

દયાનંદે ગુરુની આજ્ઞા માથે ચઢાવી. એ બીજાં કોઈ કાર્યોમાં ન ભળ્યા. એમણે અનેક સંકટો વેઠીને ગુરુનો ઉપદેશ આપવાનું કામ શ્રદ્ધાપૂર્વક શરૂ કરી દીધું.

લોકો એમની વાણી ઝીલવા લાગ્યા. એ સ્વામી દયાનંદ સરસ્વતી કહેવાયા. ઘણા પંડિતો સાથે એમણે શાસ્ત્રાર્થ કર્યો,

રાજપુતાનાના રાજાઓને સીધે રસ્તે ચઢાવ્યા, વેશ્યાનો ઉદ્ધાર કર્યો, ગુરુકુળની સ્થાપના કરી ને સ્ત્રીઓની ઉન્નતિના વિચારોય દર્શાવ્યા.

છેવટે એમના અતુલિત બળથી એમણે મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી, ને વેદોનો વિજયડંકો સમસ્ત હિંદમાં વગાડ્યો. આમ એમણે ગુરુદક્ષિણાનું કાર્ય પૂર્ણ કર્યું.



## ૨૨ : સંત કબીરજી

**કબીરજી** મુસલમાન વણકરને ત્યાં ઉછરેલા જન્મથી જ એમને આત્મજ્ઞાન થયું હતું. પણ એમને કોઈ ગુરુ નહોતા મળ્યા. એ મુસલમાન રહ્યા એટલે ગુરુય કોણ થાય ? કેટલાક લોક એમને નગુરો કહીને ચીઢવતા. પણ એમને મન કાંઈ નહિ. પણ એટલું ખરૂં કે એ કોઈ સાચા ગુરુની શોધમાં હતા.

કાશીમાં એક સ્વામીજી રહેતા હતા. એ મહાજ્ઞાની ને પંડિત હતા. એમને કેટલાય શિષ્યો હતા. એમના આશ્રમમાં એ બધા રહેતા. એમનું નામ રામાનાંદ સ્વામી હતું.

છેવટે કબીરજીએ રામાનંદ સ્વામીનો શિષ્ય થવાનું નક્કી કર્યું, ને એ માટે એક યુક્તિ શોધી કાઢી.

સ્વામીજી રોજ સવારે વહેલા ઉઠીને ગંગાને કિનારે સ્નાન વગેરે કરવાને માટે જતા. એટલે કબીર રાત પડતાં જ ગંગાના ઘાટ ઉપર ગયા. ગુરુ કરવાની ખાતર એ આખી રાત ઘાટ ઉપર સૂઈ રહ્યાં. ટાઢ કહે મારું કામ. ગમે તેમ થાય; પણ કબીર કેમ ડગે ? એમને ગુરુ કરવાની તમન્ના લાગી હતી.

પ્રાતઃકાળ થવા આવ્યો. રામાનંદ સ્વામી ઘાટ ઉપર સ્નાનવિધિ કરવાને માટે આવ્યા. અંધારું હતું. તેથી રસ્તામાં

સૂતેલા કબીરના માથા ઉપર સ્વામીજીનો પગ પડ્યો. આથી સ્વામીજીના મુખમાંથી "રામ રામ" શબ્દો નીકળી પડ્યા.

કબીર તો ખુશ ખુશ થઈ ગયા. એમણે એ 'રામ રામ' શબ્દોને ગુરુમંત્ર-દિક્ષાનો મંત્ર ધાર્યો. રામાનંદ સ્વામીને તે દિવસથી એ પોતાના ગુરુ ગણવા લાગ્યા.

હવે કોઈ એમને નગુરો કહીને પજવતા તો એ કહેતા, કે "મને તો રામાનંદ સ્વામીએ દિક્ષા આપી છે. એ મારા ગુરુ છે."

લોકો ખીજાયા. એમણે સ્વામીજીને આ વાત કહી.

સ્વામીજીએ કબીરને પોતાની પાસે બોલાવ્યા, ને દિક્ષા સંબંધીની વાત પૂછી. કબીરે બધી વાત કહી સંભળાવી.

ગુરુ રામાનંદ, આવા અનન્ય ગુરુભક્તની વાણી સાંભળીને બહુ રાજી થયા. એ કબીરને ભેટી પડ્યા. ત્યારથી રામાનંદે કબીરને પોતાનો એમ મુખ્ય શિષ્ય ગણ્યો.



## ૨૨ : શીખ શિષ્યનું બલિદાન

**બાદશાહ** ઔરંગજેબ બહુ ધર્માંધ હતો. પરધર્મી ઉપર એ જુલમ ગુજારતો. એનાં એવાં ગોઝારાં કૃત્યોનો પાર ન હતો. શીખ ધર્મના ગુરુ તેગબહાદુરનો એણે શિરચ્છેદ કરાવ્યો.

અનુચર કહેવા લાગ્યો, "ખુદાવંદ, આપની આજ્ઞા મુજબ તેગબહાદુરનો શિરચ્છેદ કર્યો છે. એના મૃત દેહનું શું કરવું ? "

ઔરંગજેબ મુડદા તરફેય ધૃણા હતી; એટલે મુડદાનો સત્કાર કરવાનું ય એને ક્યાંથી સૂઝે ?

ઔરંગજેબ કહે, "એ શબ જ્યાં પડ્યું હોય ત્યાં પડ્યું રહેવા દો. સડી જઈ, ગળી જઈને એ એની મેળે માટીમાં મળી જશે. શબની આજુબાજુ પહેરો રાખજો. બરાબર તપાસ રાખજો, કોઈ લેઈ ન જાય."

તેગબહાદુરના શિરચ્છેદની વાત શીખોએ જાણી. એમના પછી એમનો પુત્ર ગોવિંદસિંહ ધર્મગુરુ બન્યો. એમને આ બાદશાહી ફરમાનની જાણ થઈ. એ આવી ક્રુર આજ્ઞા સાંભળીને બહુ ખિજાયો. પોતાના પિતાનો દેહ કોઈ પણ રીતે ત્યાંથી કાઢી લાવવાનો એમણે નિશ્ચય કર્યો.

એક શીખ પોતાના પુત્ર સાથે ગુરુ ગોવિંદસિંહને છાનોમાનો મળ્યો. એણે ગુરુ તેગબહાદુરનું શબ લાવવાની આજ્ઞા ગોવિંદસિંહ પાસે માગી.

ગોવિંદસિંહ આ બન્ને પિતા-પુત્રની ગુરુભક્તિ જોઈને ચમક્યો આવું કઠણ કાર્ય કરવાની બીજા કોઈની હિમ્મત ચાલતી ન હતી.

ઘોર અંધારી રાત હતી.દિલ્લીના બજાર વચ્ચે ગુરુ તેગબહાદુરનું શબ પડ્યું હતું. માથું ફાટી જાય એટલી ત્યાં દુર્ગંધ હતી. બાદશાહની અપકીર્તિનું એ સૂચન હતું. કેટલેક દૂર થોડાક સિપાઈઓ બેઠા હતા. એ ઝોકાં ખાતા હતા.

એટલામાં પેલો શીખ સરદાર ને એનો પુત્ર અંધારે અંધારે ત્યાં આવી પહોંચ્યા. બન્નેએ ગુરુનું શબ જોયું. એમનું હૈયું રડી ઉઠ્યું.

પુત્ર કહે, ‘‘બાપુ, આપણે શબ તો લઈ જઈશું; પણ શબવાળી જગ્યા ખાલી પડશે. જાગીને સિપાઈઓ શબને નહિ જુએ તો આપણને એ શબ સાથે પકડશે. માટે ગુરુજીનું શબ લઈને તમે અહીંથી જાવ. મને શબની જગ્યાએ મારી નાખીને સુવાડો.’’

પણ બાપ કહે, ‘‘ના બેટા, એમ નહિ. હું હવે ઘરડો થયો છું. હું બધું પરવારી ચૂક્યો છું. મારામાં હવે શક્તિ નથી. તું જીવતો રહીશ તો કોઈને ય ઉપયોગી થઈ પડીશ. તારાથી દેશનું હિતેય સાધી શકાશે. બીજાં સારાં કાર્યો તું કરી



શકીશ.વળી તારામાં ઉછરતું લોહી છે ને તું શક્તિવાળો છું; એટલે તું ગુરુના દેહને ધારેલ ઠેકાણે વિના વિલંબે લઈ જઈ શકીશ. માટે તું મને જ મારીને એમની જગ્યાએ સુવાડ ને ગુરુ ગોવિંદસિંહને આપેલું વચન પૂર્ણ કર. જોજે બરાબર સંભાળજે. ’’

‘‘સત્ શ્રી અકાલ’’ કહેતાંની સાથે વૃદ્ધે પોતાની વીરત્વભરી છાતીમાં કીરપાણ ભોંકી દીધી !

પુત્ર આ દશ્યને જોઈ ન શકયો. છેવટે કઠણ હૈયે એણે બાપના શબ ઉપર લુગડું ઓઢાડ્યું. ગુરુજીનું શબ લઈને એણે તરત જ ત્યાંથી ચાલવા માંડ્યું.

જતાં જતાં પિતાના મૃતદેહ તરફ પુત્રે સ્નેહભરી નજર નાખી. એણે પ્રેમપૂર્વક પિતાને વન્દન કર્યું, ને ઊંચે શ્વાસે, ચૂપકીથી એણે દોટ મૂકી.

શબ લઈને એ દિલ્લીની બહાર એક એકાન્ત સ્થળે પહોંચ્યો. ગુરુજીનું શબ એણે ગુરુ ગોવિંદસિંહને આપ્યું.

પછી પિતાના બલિદાનના સમાચાર એમણે આંસુભરી આંખે ગોવિંદસિંહને કહ્યા.

ગોવિંદસિંહ આ બન્નેનો ગુરુ પ્રત્યેનો પ્રેમ જોઈને દિંગ થઈ ગયા. એ ધન્ય મૃત્યુ ગોવિંદસિંહ કદી ન ભૂલ્યા. જ્યારે જ્યારે એ મૃત્યુ એમને યાદ આવતું, ત્યારે તે હેતથી બોલી ઉઠતા, ‘‘ધન્ય છે ! એ બહાદુર પિતાપુત્રને ! ધન્ય એમની ગુરુભક્તિ ને !’’